**આજનો સુવિચાર**

સામાન્ય માણસનું મહાન બનવું એ તો સામાન્ય છે પણ, મહાન બન્યા પછી સામાન્ય બની રહેવું તે ખરેખર અઘરું છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com


# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૩૩ જૂનાગઢ તા.૧૮-૦૫-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 133, Junagadh : Date : 18 May, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## સૌરાષ્ટ્ર - ગુજરાત અગનગોળો બન્યા : સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, ડીસામાં પારો ૪૪ ડીગ્રીને સ્પર્શી ગયો



અમદાવાદતા.૧૮

રાજયમાં માવઠા બાદ છેલ્લા બે દિવસથી તિવ્ર હિટવેવની અસર હેઠળ ચાલુ સિઝનની હાઈ એસ્ટ ગરમી રાજકોટ સહિત વિવિધ શહેરોમાં નોંધાઈ છે.અનેક શહેરો અગનગોળા જેવા બની રહ્યા છે. તો ગઈકાલે પણ સુરેન્દ્રનગર, ડિસા, અમદાવાદ, રાજકોટ, અમરેલી સહિતનાં શહેરો અગન ભઠ્ઠી જેવા બની જતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતાં.

સુરેન્દ્રનગર, ડિસા, રાજકોટ, અમદાવાદ સહિતનાં સ્થળોએ ગઈકાલે ચાલુ સિઝનનું સૌથી ઉંચુ તાપમાન નોંધાતા લોકો તોબા પોકારી ગયા હતાં.ઉલ્લેખનિય છે કે સુરેન્દ્રનગર ડિસા, અમદાવાદમાં ચાલુ સિઝનની નોંધાઈ હતી, તો રાજકોટમાં પણ ૪૩.૭ ડિગ્રી સાથે ચાલુ સિઝનનું સૌથી ઉંચુ તાપમાન નોંધાયુ હતું.

ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે કે,રાજયમાં હજી પણ ગરમીનો પારો ઉંચકાશે,અગામી ૬ દિવસ ગરમીથી કોઈ રાહત મળશે નહી,તો પોરબંદર, ગીરસોમનાથ, ભાવનગર, કચ્છમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે,છેલ્લા ૨૪ કલાકમાં સુરેન્દ્રનગર અને અમદાવાદમાં સૌથી વધુ તાપમાન નોંધાયું છે.૧૭થી ૨૨ મે દરમિયાન અમુક વિસ્તારો એવા હશે જયાં અતિશય ગરમીનો માહોલ રહેશે અને તેના કારણે કોઈ લોકલ સિસ્ટમ બંધાતા રાજયમાં છુટો છવાયો વરસાદ પડી જાય તે અપવાદ રહેશે. આજે સુરેન્દ્રનગર, ગાંધીનગર, અમદાવાદ, ડીસામાં તાપમાનનો પારો ૪૪ ડીગ્રીને સ્પર્શી ગયો હોવાનું જાણવા મળે છે.

## સોમવારે મતદાનનાં પાંચમાં તબક્કામાં લોકસભાની ૪૯ બેઠકો પર મતદાન : આજે સાંજે પ્રચાર પડઘમનો અંત



નવી દિલ્હી, તા.૧૮: : લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં આગામી ૨૦ મેના રોજ ૪૯ બેઠકો પર મતદાન થવાનું છે. સોમવારે ૬ રાજયો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોના ૬૯૫ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન રાયબરેલી, અમેઠી સહિત અનેક હાઈપ્રોફાઈલ સીટો પર પણ મતદાન થશે.લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં ૪૯ સીટો માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે. આ તબક્કો ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, રાહુલ ગાંધી અને સ્મૃતિ ઈરાનીની પ્રતિષ્ઠા દાવ પર છે. ૨૦ મેના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણીની સાથે લખનૌ પૂર્વ વિધાનસભા પેટાચૂંટણી માટે પણ ચાર ઉમેદવારો મેદાનમાં છે. આ તબક્કામાં મહારાષ્ટ્ર, બિહાર, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, લદાખ, ઓડિશા, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં મતદાન થશે.

## દિલ્હીમાં કોંગ્રેસનાં ઉમેદવાર કનૈયાકુમાર પર હુમલો

નવી દિલ્હી, તા.૧૮: કન્હૈયા કુમાર નોર્થ ઈસ્ટ દિલ્હી લોકસભા બેઠક પરથી કોંગ્રેસનો ઉમેદવાર છે. આરોપ છે કે તેના પર શાહી ફેંકવામાં આવી અને હુમલો કરવામાં આવ્યો હતો. ઉત્તર પૂર્વી દિલ્હી સીટથી કોંગ્રેસ ઉમેદવાર કન્હૈયા કુમાર પર એક વ્યકતિએ માળા પહેરાવવા દરમિયાન હુમલો કરી દીધો છે. શખ્સે કન્હૈયા કુમારને થપ્પડ પણ મારી હતી. કન્હૈયા કુમારની ટીમનો આરોપ છે કે આ હુમલા પાછળ ભાજપ ઉમેદવાર મનોજ તિવારીનો હાથ છે. હુમલો કરનાર મનોજ તિવારીની નજીકનો વ્યકિત મનાય છે.

## ગુજરાતનાં તમામ મદ્રેસા અને તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સર્વે કરવા રાજયનાં શિક્ષણ વિભાગે જાહેરનામુ બહાર પાડયું

અમદાવાદ, તા. ૧૮

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાની સાથે જ રાજય સરકાર દ્વારા હવે નવી કામગીરી શરૂ કરવામાં આવી છે અને તેના ભાગરૂપે રાજયના તમામ મદ્રેસા અને તેમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સર્વે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના શિક્ષણ વિભાગ દ્વારા નોટીફીકેશન ઈસ્યુ કરવામાં આવ્યું છે અને રાજયના સ્કુલ કમિશ્નર તથા પ્રાથમિક શિક્ષણના ડાયરેકટરને મદ્રેસા તથા વિદ્યાર્થીઓનો સર્વે હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. રાજયની મદ્રેસાઓની સંખ્યા તથા તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા સહિતની માહિતી શિક્ષણ વિભાગને આપવાની રહેશે.

કેન્દ્રના બાળ અધિકાર સુરક્ષા પંચ દ્વારા તમામ રાજયો પાસેથી મદ્રેસામાં અભ્યાસ કરતા બિનહિન્દુ બાળકો અને અનરજીસ્ટર્ડ મદ્રેસાઓની માહિતી માંગવામાં આવી હતી. તેના આધારે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા આ નોટીફીકેશન ઈસ્યુ કરવામાં આવ્યું છે.

રાજય સરકારના સુત્રોએ જણાવ્યું હતું કે, બાળ અધિકાર સુરક્ષા પંચના સરકર્યુલરમાં ગુજરાતમાં ૧૧૩૦ મદ્રેસા હોવાનું સૂચવાયું છે. રાજય સરકારને અન્ય કાર્યરત મદ્રેસાઓની માહિતી આપવા પણ કહેવામાં આવ્યું છે. રાજયની ૧૧૩૦ મદ્રેસામાંથી સૌથી વધુ ૧૮૦ મદ્રેસા પાટણમાં છે. જયારે અમદાવાદ શહેરમાં ૧૭૫ તથા અમદાવાદ જિલ્લામાં ૩૦ મદ્રેસાઓ નોંધાયેલી છે.

રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા પંચ દ્વારા મદ્રેસા તથા તેમાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા ઉપરાંત મદ્રેસા કઈ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે, સરકારમાં રજીસ્ટર્ડ છે, બીયુ સર્ટીફીકેટ મેળવેલું છે અને ફાયર બ્રિગેડ વિભાગનું એનઓસી ધરાવે છે કે કેમ સહિતની અન્ય અન્ય વિગતો માંગવામાં આવી છે. રાજયના શિક્ષણ વિભાગે દરેક મદ્રેસામાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા પણ પંચને આપવાની રહે છે.

## મુળ ગુજરાતી ભુપેન દવે લેસ્ટરનાં મેયર બન્યા

લેસ્ટર તા. ૧૮

યુકેનાં ગુજરાત ગણાતા લેસ્ટર સિટીના મેયર તરીકે મૂળ ગુજરાતી એવા ભૂપેન દવે ચૂંટાયા બાદ પદ સંભાળ્યું છે. કાઉન્સિલર ભૂપેન દવેનો જન્મ યુગાન્ડામાં થયો હતો અને ૧૯૭૨માં તેમના માતા-પિતા સાથે યુકે આવ્યા હતા. તેમણે બ્રિસ્ટોલ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો અને અર્થશાસ્ત્રમાં બીએસસી મેળવ્યું અને પછી યુનિવર્સિટી ઓફ સાઉધમ્પ્ટન ખાતે તેમના અનુસ્નાતક અભ્યાસ ચાલુ રાખ્યા.

ભૂપેન દવે સામાજિક કાર્યકર તરીકે લેસ્ટરશાયર કાઉન્ટી કાઉન્સિલમાં જોડાયા અને બાદમાં લેસ્ટર સિટી કાઉન્સિલમાં જોડાયા, જ્યાંથી તેઓ કોમ્યુનિટી કેરના ડિરેક્ટર તરીકે નિવૃત્ત થયા હતા. દવેની રાજકારણમાં લાંબી કારકિર્દી છે અને તેમણે ૧૯૮૩ થી ૧૯૯૫ સુધી સિટી કાઉન્સિલર તરીકે સેવા આપી હતી.

## કિંમતી ધાતુમાં બેફામ તેજી : ચાંદીનો ભાવ પ્રથમવાર ૯૨ હજારને વટાવી ગયો - સોનુ ૧૦ ગ્રામનાં રૂા. ૭૬,૫૦૦

રાજકોટ, તા. ૧૮

સોના-ચાંદીના ભાવોમાં રેકોર્ડબ્રેક તેજી સર્જાયા બાદ થોડા દિવસ સ્થિર બન્યા હતા પરંતુ હવે એકાએક ફરી વખત ઉથલો માર્યો હોય એમ અભુતપૂર્વ તેજી નોંધાઈ હતી. ચાંદીનો ભાવ ૯૨,૦૦૦ની સપાટી કૂદાવી ગયો છે જયારે સોનુ ૭૬,૦૦૦ને પાર થઈ ગયું હતું.

રાજકોટમાં સોનાનો ભાવ ૭૬૫૦૦ના સ્તરે પહોંચી ગયો હતો. ગઈકાલે એક જ દિવસમાં સોનામાં ૭૦૦થી વધુ રૂપિયાનો ઉછાળો નોંધાયો હતો. વિશ્વસ્તરે જબરદસ્ત તેજી થઈ હતી. આંતરરાષ્ટ્રીય ભાવ ૨૪૦૦ ડોલરને વટાવીને ૨૪૧૩ ડોલર સાંપડયો હતો.

રાજકોટમાં હાજર ચાંદી ૯૨૫૦૦ થઈ હતી. ગઈકાલે બપોરે ૮૯૦૦૦નો ભાવ હતો. બપોર બાદ એકાએક મોટી તેજી થઈ હતી. એક જ દિવસમાં ૪૦૦૦ રૂપિયાથી વધુનો ભાવ વધારો થયો હતો. વિશ્વબજારમાં ચાંદી ૩૧.૭૭ ડોલર થઈ હતી. કોમોડીટી એકસચેંજમાં સોનાનો ભાવ ૭૩૭૫૦ તથા ચાંદીનો ભાવ ૯૧૧૫૦ સાંપડયો હતો.

## સ્વાતી માલીવાલ કેસ : કેજરીવાલનાં અંગત મદદનીશ વિભવ કુમારની મુખ્યમંત્રી નિવાસ સ્થાનેથી દિલ્હી પોલીસે ધરપકડ કરી

નવી દિલ્હી તા. ૧૮ : આમ આદમી પાર્ટીનાં રાજયસભાનાં સાંસદ અને દિલ્હી મહિલા આયોગનાં ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વાતી માલીવાલ સાથે દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનાં પીએ (અંગત મદદનીશ) વિભવ કુમારે મુખ્યમંત્રી નિવાસસ્થાનમાં જ મારપીટ કરી ગેરવર્તન કર્યુ હોવાનું બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાક્રમમાં આજે દિલ્હી પોલીસે વિભવકુમારની મુખ્યમંત્રી નિવાસ સ્થાનેથી ધરપકડ કરી લીધી છે. ગઈકાલે સ્વાતી માલીવાલે સીઆરપીસી ૧૬૪ મુજબ મેજીસ્ટ્રેટ સમક્ષ પોતાનું નિવેદન નોંધાવ્યું હતુ જેમાં વિભવકુમારે તેમની સાથે મારપીટ સાથે ગેરવર્તન કર્યુ હોવાનું જણાવ્યું હતું. આ કેસમાં દિલ્હી પોલીસે એફઆઈઆર કાર્યવાહી કરતા વિભવકુમારની ધરપકડ કરી લીધી છે.

## હરીયાણાનાં નૂહમાં યાત્રાળુઓથી ભરેલી બસ ભડભડ સળગી : ૧૦ શ્રધ્ધાળુઓનાં કરૂણ મોત

હરિયાણા તા. ૧૮

હરિયાણામાં ગતમોડી રાત્રે કુંડલી-માનેસર-પલવલ એક્સપ્રેસવે પર નુહના તાવડુ ખાતે શ્રદ્ધાળુઓથી ભરેલી બસમાં લગભગ ૧.૩૦ વાગ્યાની આસપાસ આગ ભભૂકી ઊઠી હતી. જોત જોતામાં બસમા લાગેલી આગ વિકરાળ બની ગઈ હતી. ભીષણ આગ લાગતા બસમા સવાર મુસાફરોને બહાર નીકળવાનો પણ સમય મળ્યો નહી. ભીષણ આગમાં ૧૦ યાત્રાળુઓ જીવતા ભડથું થઈ ગયા હતા, જ્યારે ૨૫થી વધુ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. ઘાયલોએ જણાવ્યું કે બસમાં ૬૦ લોકો સવાર હતા. આ તમામ શ્રદ્ધાળુ સગા-સંબંધી હતા અને પંજાબ-ચંદીગઢના રહેવાસી છે. તેઓ મથુરા-વૃંદાવનની મુલાકાત લઈને પરત ફરી રહ્યા હતા. ચાલુ બસમાં જ્વાળાઓ જોતા સ્થાનિક લોકોએ પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. લોકોએ પણ આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. તાવડુ ગામના કેટલાક રહેવાસીઓએ જણાવ્યું કે જ્યારે તેઓએ બસને આગ લાગતી જોઈ ત્યારે તેઓએ ડ્રાઈવરને બોલાવીને તેને રોકવા માટે કહ્યું, પરંતુ બસ ઉભી રહી ન હતી. ત્યારબાદ બાઈક દોડાવીને બસનો પીછો કર્યો અને ડ્રાઈવરને જાણ કરી. ત્યાં સુધીમાં આગ ખૂબ ફેલાઈ ગઈ હતી.

## મતદાનની ફાઈનલ ટકાવારીમાં શંકાસ્પદ વધારો થતાં ભારે ઉહાપોહ : દરેક બેઠક પર સરેરાશ ૨૮ હજાર મત ઉમેરાયા

નવી દિલ્હી,તા.૧૮

લોકસભા ચૂંટણી મતદાનના આંકડામાં પંચ દ્વારા બે-ત્રણ દિવસે કરાતા ફેરફાર મામલે શંકા, વિવાદ અને ઉહાપોહ ચાલી જ રહ્યો છે ત્યારે પ્રથમ ચાર તબકકાની ચૂંટણીમાં મતદાન પુર્ણ થયા પછી રાત્રે જાહેર કરાયેલા આંકડા પછીના રિવાઈઝડ આંકડામાં ૧.૧૦ કરોડ મતોનો ઉમેરો થયો હોવાનું બહાર આવ્યુ છે. અત્યાર સુધીમાં ૩૭૯ બેઠકો પર ચુંટણી પુર્ણ થઈ ગઈ છે. દરેક બેઠક પર સરેરાશ ૨૮૦૦૦ મતનો ઉમેરો થયો છે.

ચુંટણીપંચ દ્વારા મતદાનના 'રીયલ ટાઈમ' અર્થાત પળેપળના આંકડા દર્શાવતી એપ રાખવામાં આવી છે અને તેમાં નિયમિત રીતે મતદાનના આંકડા અપડેટ થતા રહે છે. મતદાનના દિવસે રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં ફાઈનલ ટકાવારી રજુ કરવામાં આવતા હોય છે. પરંતુ આ વખતે બે-ચાર દિવસ પછી પણ ટકાવારીમાં બદલાવ થતો રહ્યો હતો તેને કારણે વિપક્ષો તથા અમુક સંસ્થાઓએ શંકા સાથે સવાલ ઉઠાવતા વિવાદ સર્જાયો છે. સામાન્ય રીતે મતદાનના દિવસની રાત્રે રજુ થતા મતદાનના આંકડા તથા ત્યારપછીની ફાઈનલ હાજરીમાં મામુલી ફેરફાર રહેતો હોય છે પરંતુ આ વખતે શંકા ઉભી થાય તેવો નોંધપાત્ર વધારો થયો છે.

દેશમાં અત્યાર સુધીમાં મતદાનના ચાર તબકકા પૂર્ણ થઈ ગયા છે. પ્રથમ તબકકાની ચૂંટણી બાદ મતદાનની રાત્રે જાહેર થયેલા મતના આંકડાની સરખામણીએ ફાઈનલ ટકાવારીમાં ૧૮.૬ લાખ મત વધી ગયા હતા. બીજા તબકકામાં ૩૨.૨ લાખ, ત્રીજા તબકકામાં ૨૨.૧ લાખ તથા ચોથા તબકકામાં ૩૩.૯ લાખ મત વધી ગયા હતા. અર્થાત મતદાનની રાત્રે જાહેર થયેલા મતના કુલ આંકડા કરતા ફાઈનલ આંકડામાં ૧.૦૭ કરોડ મતોનો વધારો થયો છે.

મતદાનના ફાઈનલ આંકડામાં આ બદલાવને લક્ષ્યમાં લેવામાં આવે તો આસામમાં દરેક બેઠક દીઠ ૭૩૦૦૦ મત ઉમેરાયા હતા. આંધ્રપ્રદેશમાં ૬૯૦૦૦, કર્ણાટકમાં ૫૧૦૦૦ તથા મહારાષ્ટ્રમાં ૪૮૦૦૦ મતનો ઉમેરો થયો હતો. મહત્વની વાત એ છે કે હિન્દી બેલ્ટના રાજયોમાં ફાઈનલ મતદાનની ટકાવારીમાં પ્રમાણમાં ઓછો વધારો થયો છે.

## તમામ મતદાન મથકોએ નોંધાયેલા મતદાનનાં આંકડા તત્કાલ અપલોડ કરવાની માંગણી કરતી સુપ્રિમ કોર્ટમાં અરજી

### ચૂંટણીપંચને જવાબ આપવા એક સપ્તાહનો સમય : ૨૪ મેએ સુપ્રિમ કોર્ટમાં સુનાવણી

નવી દિલ્હી તા. ૧૮


સુપ્રીમ કોર્ટે ભારતના ચૂંટણી પંચને, હાલમાં ચાલી રહેલી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દરેક તબક્કાના મતદાનની સમાપ્તિ પછી તમામ મતદાન મથકોના નોંધાયેલા મતોના આંકડાને તાત્કાલિક અપલોડ કરવાના નિર્દેશ આપવાની માંગણી કરતી અરજી પર ચૂંટણીપંચનેજવાબ દાખલ કરવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આ અંગેનો તેનો જવાબ દાખલ કરવા માટે એક સપ્તાહનો સમય આપ્યો છે. આ મામલાની વિશેષ સુનાવણી ૨૪ મેના રોજ કરશે.

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**




**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
**મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝલ્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**
**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું દવાખાનું (પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક) વેચવાનું છે
(૨) ગાંધીગ્રામ (કોન્વેન્ટ સ્કુલની સામે) ૫૦૦ વારનો બંગલો વેચવાનો છે. સાથે ૧૦ દુકાન ભાડે અથવા વેચવાની છે. (બેંકોવાળા માટે ખાસ)
(૩) એસેન્ટ કાર ૩૮૦૦૦ કી.મી. વેચવાની છે.
(૪) લોખંડનાં ઘોડા નવા મોડેલનાં વેચવાના છે. (નંગ-૨૮)
(૫) જીમ માટેના સાધનની કીટ વેચવાની છે.

**દુકાન, મકાન - જમીન લે-વેચ માટે મળો**
**મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯**

Since 1983
**શંખ મસાલા**
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



### જૈન મુનિને સહસ્ત્રાવધાન પદવી માત્ર જૈન સમુદાયે આપી, સરકાર કે લોક માન્ય નથી : જાથા

# સહસ્ત્રાવધાન જૈન મુનિના ચક્ષુશક્તિના દાવાને પડકારતું વિજ્ઞાન જાથા






અમદાવાદ તા.૧૮

મુંબઈની વરલી ખાતે ભારતીય જૈન શાસનના ઈતિહાસમાં ૬૫૦ વર્ષ પછી શક્રવર્તી સહસ્ત્રાવધાન સિધ્ધ થતાં જૈનાચાર્ય અજીતચંદ્ર સાગરજીને સહસ્ત્રાવધાનીનું બિરુદ અપાયું તે જ સમાજના લોકોનું સમર્થન નહિ કે બહુધા સમાજ કે સરકારનું સમર્થન. ગુગલમાં દિવ્યાંગો, નાના બાળકો, કિશોર કે મોટેરાઓની મનની અનેક સિધ્ધિઓ જોવા મળે છે તેમાં જૈન મુનિની સિધ્ધિ સામાન્ય છે. ઘડિયાળના સમયમાં ફેરફાર કરવો તે રીમોટ કંટ્રોલથી થઈ શકે છે. ચક્ષુ કે આંખની દ્રષ્ટિથી ઘડિયાળના કાંટા ફેરવવાર વાહિયાત સાથે લોકોને ગુમરાહ સમાન છે. વિજ્ઞાન જાથા આ જૈન મુનિને પડકારી નક્કી કરેલી ઘડિયાળના સમયમાં ફેરફાર કરી વિશ્વસનીયતા સાબિત કરવા આહવાન કરવામાં આવે છે.

સહસ્ત્રાવધાનીની પદવી સંબંધી સંક્ષિપ્ત હકિકતમાં થોડા સમય પહેલા મુંબઈના વરલી ખાતે એક હજાર જેટલી જુદી જુદી માહિતીઓ, ગાણિતિક કોયડાઓ, સ્પર્શ તથા શ્રવણ અનુભૂતિઓ ઝીલ્યા બાદ તેને યથાતથ સર્વાંગી પ્રત્યુત્તર આપી, માન્યમાં ન આવે તેવી સિધ્ધિ હાંસલ કરી હતી. અજીતચંદ્ર સાગરને સહસ્ત્રાવધાની પદવી આપવામાં આવી હતી તેમાં જૈન મુનિએ કીધું કે આ પ્રયોગમાં ચમત્કારનું કોઈ તત્વ નથી પરંતુ માત્ર ને માત્ર સાધના થકી તેમણે આ ક્ષમતા હાંસલ કરી છે. ઈન્ડોર સ્ટેડિયમની મેદનીમાં બુકલેટ આપવામાં આવી હતી. જૈનમુનિ બુધ્ધિ પ્રતિભા અથાગ પરિશ્રમના કારણે અસામાન્ય બુધ્ધિમતા સાબિત થઈ હતી. જૈન સંપ્રદાય સિવાયના લોકો અગ્રગણીઓની હાજરી હતી. સૌ કોઈ પ્રભાવિત થયા હતા. ૬૫૦ વર્ષ પછી સહસ્ત્રાવધાનીનું બિરૂદ આપવામાં આવ્યું હતું. તેમાં ઘડિયાળના કાંટામાં ફેરફાર કરવો તે ચક્ષુશક્તિ, મનોશક્તિનું કારણ આપવામાં આવ્યું. હાજર સૌ કોઈએ હર્ષોલ્લાસ સાથે વાતને વધાવી લીધી હતી. સહસ્ત્રાવધાનની સફર માહિતીલક્ષી પ્રશ્નો, પાદપૂર્તિ, ગાણિતિકિ કોયડાઓ, મલ્ટી ટાસ્કીંગ, આત્મસાત કેલેન્ડર, ૧૧ કલાક એક જ આસન, જાણે ચમત્કાર, જયારે સમયે ઘડિયાળના કાંટાએ કુદકો માર્યો, કોમ્પ્યુટર–મોબાઈલ જેવું મનનું મલ્ટી ટેબ, મહારાષ્ટ્રમાં સરસ્વતી સાધાના કરાવાશે. સાયન્સ માટે આ પડકાર વિગેરે વિગેરે હકિકત આપી જૈન મુનિની બુધ્ધિમતાને હકિકત રજૂ કરવામાં આવી હતી. સહસ્ત્રાવધાન વખતે અમદાવાદના ન્યુરોલોજીસ્ટે એક પ્રેઝન્ટેશન આપ્યું હતું તેમાં તેણે આપણે કઈ રીતે યાદ રાખીએ છીએ. તેણે મુનિશ્રીએ જે સિધ્ધિ હાંસલ કરી બતાવ છે તે આધુનિક વિજ્ઞાન માટે એક મોટો પડકાર છે. જૈન મુનિના બુધ્ધિમતાની સિધ્ધિઓને હાજર સૌ અભિભૂત થયા હતા.

વિજ્ઞાન જાથાના ચેરમેન–એડવોકેટ જયંત પંડયા ભારપૂર્વક જણાવે છે કે જૈન મુનિની અમાપ બુધ્ધિ શક્તિને સલામ કરે છે. બહુધા સમાજને સર્વાંગી વિકાસમાં આ શક્તિનો ઉપયોગ થાય તે સારી બાબત છે. તેમને આપેલું સહસ્ત્રાવધાનીની પદવીને તે જ સમાજના હાજર લોકોને આપ્યું છે, તેમાં કંઈ નવું નથી. આ પદવી સાથે ભારતના ૧૪૦ કરોડ લોકો કે સરકારનું સમર્થન નથી. અગ્યિાર એક જ આસન ઉપર સ્થિર રહેવું, સાધના કરવી તે સામાન્ય પ્રક્રિયા છે. પ્રેકટીસથી ગમે તેવી સિધ્ધિ હાંસલ થઈ શકે છે. જૈન મુનિના અથાગ પરિશ્રમની સિધ્ધિને સૌ કોઈ બિરદાવે છે. આ ચમત્કાર નથી તેમ જણાવી સાધના થકી સિધ્ધિ હાંસલ કરી છે તેમાં ભ્રમણા ઉભી કરી છે. ભગવંતો તથા સાધ્વીઓ પોતાના સંપ્રદાયના લોકો, આમંત્રિતોની હાજરીમાં ઘડિયાળના કાંટા ફેરવવાની ઘટનામાં ચક્ષુશક્તિ, મનોશક્તિનું કારણ આપી જૈન મુનિએ કુચેષ્ઠા કરી છે. લોકોને અવળે માર્ગે વાળવાના પ્રયાસની જાથા નિંદા કરે છે. આ પ્રક્રિયામાં સાધનાનો ઉપયોગ હોય તો જાથા વખોડે છે. સાધનાથી પાપડ પણ ભાંગી શકાતો નથી. ઘડિયાળના કાંટા ફેરવવાની ઘટનામાં રીમોટ કંટ્રોલથી થઈ શકે છે તેવી અનેક તરકીબો છે. જનમેદનમાંથી ઉભો થયેલ વ્યક્તિ પણ શંકાના દાયરામાં છે. રીમોટ–ઘડિયાળની તાલમેલ પાછળ, નિશ્ચિત સમય થાય તે વ્જ્ઞિાનની કૃપાથી થઈ શકે છે. તેમાં ચક્ષુશક્તિની વાત ગાંડપણ સાથે જાથા જોવે છે. પોતાના ધર્મનો ફેલાવો, જૈન ધર્મની સુપર સિધ્ધિઓમાં જૈન મુનિનું પ્રદાન વિગેરે બાબત સંશોધનનો વિષય છે. બીજા ધર્મો કરતા પોતાનો ધર્મ ઉત્તમ છે તેવું સાબિત કરવાની ચેષ્ઠા મુર્ખામી છે. આવા પદવી સમારંભમાં સર્વ ધર્મના સાધુ–સંતોને બોલાવવાની જરૂર હતી. એકપક્ષીય વાહ–વાહી શંકા ઉપજાવે છે. મુંબઈ વરલીમાં યોજાયેલ સહસ્ત્રાવધાન પદવી જૈન મુનિની બુધ્ધિમતાની વાતનો સ્વીકાર છે. ઘડિયાળના કાંટા ફેરફારની હકિકત લોકોને ઉલ્લુ બનાવવાનો નુશ્કો છે. જાથાના સ્થળે આવી ઘડિયાળના કાંટામાં ફેરફાર કરી, વિશ્વસનીયતા સાબિત કરવાનો પડકાર ફેંકવામાં આવે છે. જાથા પૃથ્વી ઉપરના તમામ ધર્મોને આદરથી જોવે છે. લોકોમાં ભ્રામકતા ફેલાવી પોતાની સિધ્ધિ લોકોના માથા ઉપર મુકવાના પ્રયાસનો વિરોધ કરે છે. જાથાની વિચારધારા સાથે સંમત લોકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.



## ગ્રીષ્મકાળમાં રાજાધિરાજ ઠાકોરજીને પુષ્પકલીઓથી નિર્મિત દૈદિપ્યમાન શૃંગાર

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૮

દ્વારકાધીશ જગતમંદિરમાં દ્વારકાધીશ ભગવાનને ઋતુ અનુસાર શૃંગાર,ભોગ ઈત્યાદિ અર્પણ કરવામાં આવી રહ્યા હોય હાલમાં ચાલતી ગ્રીષ્મ ઋતુમાં ઠાકોરજીને ઠંડક અર્પણ કરવાના ભાવ સાથે વિશિષ્ટ પુષ્પ શૃંગાર દર્શન યોજવામાં આવી રહયા છે ત્યારે ગઈકાલે સાંજના સમયે ઠાકોરજીને ઠંડક આપતાં મનમોહક ફુલો તેમજ કળીઓના વિશિષ્ટ શૃંગાર યોજવામાં આવ્યા હતા. ગ્રીષ્મ ઋતુ દરમ્યાન સતત બે માસ સુધી ઠાકોરજીને સાંજના સમયે પુષ્પશૃંગાર યોજાનાર છે. આ ઉપરાંત ગ્રીષ્મકાળ દરમ્યાન ઠાકોરજીને ઋતુ અનુસાર ઠંડક આપતાં ભોગ ઈત્યાદિ પણ અર્પણ કરવામાં આવે છે.

## વોટસન મ્યુઝિયમ દ્વારા ૧૮મી મે "આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ"ની અનોખી ઉજવણી નિમિત્તે

# સવારે પોટ્રેટ કલબના કલાકારો દ્વારા લાઈવ સ્કેચ તેમજ બપોર પછી ખાસ ડોક્યુમેન્ટ્રી દર્શાવાશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૮

સમગ્ર વિશ્વમાં ૧૮મી મે "આંતર રાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ" તરીકે ઉજવાય છે, ત્યારે રાજકોટના વોટસન મ્યુઝિયમ દ્વારા આ દિવસની તા. ૧૮થી ૨૦ મે સુધી વિશેષ ઉજવણી કરાશે. જે નિમિત્તે શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત, મ્યુઝિયમ ખાતે સવારે ૯ કલાકે, લાઈવ પોટ્રેટ કલબના કલાકારો દ્વારા લાઈવ સ્કેચના રસપ્રદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તૈયાર થયેલા સ્કેચ અને કલાકારોના અન્ય સ્કેચ, ચિત્રોનું પ્રદર્શન તા.૧૮મી મેથી ૨૦મી મે સુધી ગોઠવવામાં આવશે. આ ઉપરાંત આ દિવસો દરમિયાન મ્યુઝિયમની મુલાકાતે આવનારા મુલાકાતીઓને સાંજે ચાર કલાકે મ્યુઝિયમની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ દર્શાવવામાં આવશે. રાજકોટની કલાપ્રિય જનતાને આ કાર્યક્રમોનો લાભ લેવા મ્યુઝિયમ ક્યુરેટર શ્રી એસ.એન.રામાનુજની યાદીમાં જણાવાયું છે.

# રવિવારે મોહિની એકાદશીનું મહત્વ અને પૂજન

**જીવનના બંધનો માંથી મુક્તિ અપાવનાર એકાદશી આ એકાદશીના દિવસે ઘરમાં ગૌમુત્ર અથવા તો**

વૈશાખ શુદ અગીયારશ ને સોમવારે તા.૧૯-૫-૨૦૨૩/૪ નાં દિવસે મોહિની એકાદશી છે. રવિવારે સવારે વહેલા ઉઠી ન્હાવાની પાણીની ડોલમાં ગંગાજળ નાખી સ્નાન કરવું.ત્યાર બાદ શ્રી કૃષ્ણ ભગવાનનું પૂજન કરવું ભગવાનને છાશ અને દહીં ખાસ ધરાવવા શ્રી કૃષ્ણ શરણમ મમ એક અથવા ત્રણ માળા કરવી અને કથા વાંચવી અથવા શાંભળવી. મોહિની એકાદશીનાં દિવસે ઘર મા ગૌમુત્ર અથવા ગંગાજળ છાટવું ઉત્તમ ગણાય છે. મોહિની એકાદશી એટલે મોહ પમાડનાર નહીં પરંતુ મોહ માથી મુકિત આપનાર એકાદશી છે. જીવનમાં કોઈપણ વસ્તુનો મોહ જાગે એટલે જીવનમાં જ્ઞાન તથા વિવેક રહેતા નથી અને પતન થાય છે. આથી જ શાસ્ત્રોમાં પુરાણોમાં કહેલું છે કે કામ,ક્રોધ, મોહનો ત્યાગ કરો.

એકાદશીની કથાનો બોધ: જીવનમાં કોઈપણ વસ્તુનો અને વ્યક્તિનો મોહ રાખવો જોઈએ નહીં. જે મળે તેમાં સંતોષ માનવો જોઈએ તો જ જીવન સુખી થશે.વ્યકિતનાં જીવનમાં ગમે તેટલી સંપતી હોય બધુ જ હોય પરંતુ સંતોષ ના હોય તો બધુ જ નકામુ છે. આથી ખોટો મોહ છોડી અને સંતોષ પૂર્વક જીવન જીવવું જોઈએ.

- શાસ્ત્રી રાજદીપ જોશી

# કેશોદ નગરપાલિકા વિસ્તારમાં વેરાઓ ઘટાડવા હિતરક્ષક સમિતિની માંગણી

**સતાધીશો દ્વારા દશ દિવસમાં નિર્ણય ન કરે તો વાંધા અરજીઓ આપવાની તૈયારી**

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૮

કેશોદ શહેરમાં વસતાં ચાલીસ હજાર થી વધારે ટેક્ષ પેયર મિલ્કત ધારકો પાસેથી સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌથી વધારે બ વર્ગની નગરપાલિકા હોવા છતાં કેશોદ નગરપાલિકા દ્વારા વસુલવામાં આવતો હોય કેશોદ હિતરક્ષક સમિતિના કન્વીનર રાજુભાઈ પંડ્યાએ વિરોધ નોંધાવી શહેરમાં છાવણીઓ ઉભી કરી વાંધા અરજીઓ એકઠી કરી રજુઆત કરી હતી અને અચોક્કસ મુદતની ભુખ હડતાલ શરૂ કરતાં અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા વહીવટી પ્રક્રિયા કરી રાહત આપવા લેખિત બાંહેધરી આપી હતી. કેશોદ નગરપાલિકાના કારોબારી સમિતિના ચેરમેન મોહનભાઈ બુટાણીએ બેઠક બોલાવી તારીખ ૧૯/૭/૨૦૨૧ નાં રોજ ઠરાવ કરી સફાઈ કર રહેણાંક મિલ્કત પર વાર્ષિક ૨૦૦/- રૂપિયા અને બિન રહેણાંક મિલ્કત પર વાર્ષિક ૩૦૦/- રૂપિયા તથા દિવાબતી કર રહેણાંક મિલ્કત પર વાર્ષિક ૧૫૦/- રૂપિયા અને બિન રહેણાંક મિલ્કત પર વાર્ષિક ૨૫૦/- રૂપિયા ઉપરાંત વેરાઓ માં દર બે વર્ષે ૧૦% નો વધારો કરવામાં આવે છે તે દર પાંચ વર્ષે ૫% વધારો લાગુ કરવાનું ઠરાવવામાં આપ્યું હતું જે ઠરાવને તારીખ ૨૯/૧૨/૨૦૨૧ સામાન્ય સભામાં સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે. કેશોદ નગરપાલિકા સત્તાધિશો દ્વારા છેલ્લાં બે વર્ષથી આ સુધારા મુજબ વેરો વસુલવામાં ન આવતો હોય કેશોદ હિતરક્ષક સમિતિના કન્વીનર રાજુભાઈ પંડ્યા દ્વારા સંબંધ કર્તા કચેરીમાં લેખિતમાં રજૂઆત કરી દિવસ દશમાં પ્રત્યુતર આપવા માંગ કરી છે. કેશોદ નગરપાલિકા અને જવાબદાર કચેરી દ્વારા હકારાત્મક અભિગમ અપનાવવામાં આવશે નહીં તો સમગ્ર શહેરમાં મુખ્ય વિસ્તારોમાં છાવણી ઉભી કરી વાંધા અરજીઓ એકઠી કરી ધોરણસરની રજુઆત કરવામાં આવશે અને જરૂર પડ્યે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. કેશોદ નગરપાલિકા દ્વારા સામાન્ય વહીવટી કામગીરી માટે અરજદાર જાય તો ગેરબંધારણીય રીતે વેરો



ફરજિયાત ભરાવવામાં આવતો હોવાની રજૂઆત લોગ પાર્ટીના અલ્પેશભાઈ ચંદુભાઈ ત્રાબડીયાએ લેખિતમાં રજૂઆત કરી છે.

આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા વસુલવામાં આવતાં વેરાઓ અધધધ થતાં શહેરના મિલ્કત ધારકોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે કેશોદ નગરપાલિકા દ્વારા હકારાત્મક અભિગમ અપનાવવામાં આવે છે કે કેમ એ તો આવનારાં દિવસોમાં ખબર પડશે.

### :: અવસાન નોંધ ::

વેરાવળ : નિતાબેન દત્તાણી (ઉ.વ.૬૧) તે દિલીપભાઈ દત્તાણી (નિવૃત્ત શિક્ષક)ના પત્ની, ડો.ડોલીના માતુશ્રી, પોરબંદર નિવાસી જેઠાલાલ પુરૂષોત્તમ દત્તાણીના પુત્રવધુ તથા રાજેન્દ્રભાઈ (વડોદરા), અજયભાઈ (પોરબંદર), રક્ષાબેન કિરીટભાઈ દેવાણી (પોરબંદર)ના ભાભી, મોરબી નિવાસી સ્વ.ગોકળદાસ જીવનભાઈ ચેતાની પુત્રી, પ્રફુલભાઈના બહેનનું તા.૧૭ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

### બુધવારે જૂનાગઢમાં શાંતાબેન દવેની પુણ્યતિથી નિમિતે શિવપુજા રૂદ્રાભિષેક મહાપ્રસાદનું પુ. નિલકંઠાનંદજી બાપુના સાનિધ્યમાં આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮


જૂનાગઢ ભવનાથ દામોદર કુંડની બાજુમાં આવેલ બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર ખાતે આગામી તા.૨૨ને બુધવારના રોજ સ્વ. શાંતાબેન કરશનભાઈ દવેની પ્રથમ વાર્ષિક પુણ્યતિથી નિમિતે મંદિરના મહંત પુ. નિલકંઠનંદજી ગુરૂશ્રી માધાવાનંદજીના સાનિધ્યમાં વિવિધ આયોજન કરવામાં આવેલ છે. જેમાં સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ શિવપુજા રૂદ્રાભિષેક અને બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદનું આયોજનકરેલ છે. તો આ નિમિતે આમંત્રીતોને ઉપસ્થિત રહેવા જગદિશભાઈ કરશનભાઈ દવે, નટવરભાઈ અને માર્કન્ડભાઈ જે. દવેએ અખબારી યાદીમાં જણાવ્યું છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્રી નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી
વિજય ઘીં ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

CCC કોમ્પ્યુટર કોર્ષ
૩૦ વર્ષના અનુભવી તજજ્ઞો દ્વારા અપાતુ માર્ગદર્શન
મિલેનીયમ કોમ્પ્યુટર
સરદારપરા, જૂનાગઢ
મો. ૯૩૨૭૧ ૬૧૨૦૨

પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો પ્લોટ નં. ૩૫૪ રાયજીનગર, જૂનાગઢ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
આઈસ્ક્રીમ
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.


વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# આજે ૧૮-મે આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ વિશેષ

## ૧૨૩ વર્ષ પુરાણું જૂનાગઢ સંગ્રહાલય પણ સોરઠ-સૌરાષ્ટ્રના ભવ્ય વારસા અને વૈભવને ઉજાગર કરે છે : વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૬૦૦૦થી વધુ લોકોએ અને ૧૦૦થી વધુ વિદેશી નાગરિકોએ નિહાળ્યું








## જૂનાગઢ સંગ્રહાલયમાં બેલ્જિયમ ગ્લાસનું બેનમૂન કલેક્શન, કાષ્ઠકળાની અદભુત કલાકૃતિઓ, સદીઓ પુરાણા ચલણી સિક્કાઓ, આગવી વસ્ત્રકળા અને ચાંદીથી મઢેલી પાલખીઓનો ભવ્ય કલાવારસો સંગ્રહિત છે

જૂનાગઢ, તા.૧૮

મ્યુઝિયમ માત્ર જૂની પુરાણી વસ્તુઓનું સંગ્રહ સ્થાન નથી...પરંતુ અતીતથી અવગત કરાવી,ભવિષ્યનો નવો રાહ કંડારવાનું પ્રેરણાસ્ત્રોત છે. નવી પેઢી આપણા ભવ્ય વારસા અને સંસ્કૃતિને જાણે... માણે તે સ્વયં અને દેશના વિકાસ માટે પણ જરૂરી છે.

તેવુ જ એક ૧૨૩ વર્ષ પુરાણું જૂનાગઢ સંગ્રહાલય પણ સોરઠ-સૌરાષ્ટ્રના ભવ્ય વારસા અને વૈભવને ઉજાગર કરે છે.શહેરનાસરદારબાગ ખાતેના તાજ મંઝિલ બિલ્ડિંગમાં આવેલ જૂનાગઢ સંગ્રહાલયનો આગવો ઈતિહાસ છે અને પુરાતન વસ્તુઓથી સમૃદ્ધ છે.

આજે ૧૮-મે એ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસની ઉજવણી થઈ રહી છે. ત્યારે જૂનાગઢ સંગ્રહાલયના ક્યુરેટર શેફાલીકા અવસ્થી કહે છે કે, જૂનાગઢ - સોરઠ પ્રદેશ સાંસ્કૃતિક દ્રષ્ટિએ સમૃદ્ધ તો છે સાથે જ પ્રાકૃતિક વારસો પણ એટલો જ સમૃદ્ધ છે. આ પ્રદેશનો વારસો જૂનાગઢ સંગ્રહાલયમાં સચવાયેલો છે. ખાસ નવાબીકાળની વસ્તુઓ અહીં સંગ્રહિત છે. જેને વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૬૦૦૦ થી વધુ લોકોએ અને ૧૦૦થી વધુ વિદેશી નાગરિકોએ નિહાળ્યું છે.

આ સંગ્રહાલયમાં સંગ્રહિત તલવાર, કટાર બંદૂક વગેરે હથિયારો આજના આધુનિક સમયમાં કલ્પનાના નવા પાના ખોલે છે, તો રાજ કચેરી- દરબાર જુની શાસન વ્યવસ્થાનું ચિત્ર ખડું કરે છે. અહીં બેલ્જિયમ ગ્લાસનું બેનમૂન કલેક્શન, કાષ્ઠકળાની અદભુત કલાકૃતિઓ, સદીઓ પુરાણા ચલણી સિક્કાઓ, આગવી વસ્ત્રકળા અને ચાંદીથી મઢેલી પાલખીઓ ભવ્ય કલાવારસા અને જાહોજલાલી સાબિતી પૂરે છે. આ ઉપરાંત ઘણી બધી દુર્લભ વસ્તુઓ અને શિલ્પ અહી જોવા મળે છે અનેઉત્ત્ખનન દરમિયાન મળી આવેલા નમૂનાઓ પણ અહી મુકવામાં આવ્યા છે.

શેફાલીકા અવસ્થી કહે છે કે, આ સંગ્રહાલયો અનૌપચારિક શિક્ષણના કેન્દ્રો પણ છે. આ સંગ્રહાલયો આપણને આપણા મૂળ સાથે જોડી રાખે છે. જો તમે તમારા ભૂતકાળ ઈતિહાસને જાણતા-સમજતા નથી, તો વર્તમાન સાથેનું અનુસંધાનઅને કેવી રીતે ભવિષ્ય જોઈ-વિચારી શકો ?કોઈપણ દેશના સાંસ્કૃતિક વારસાને જાણવામાં મ્યુઝિયમની ભૂમિકા રહેલી હોય છે. એક પ્રકારે સંગ્રહાલયો અતીતને સમજાવે છે. તેના આધારે ઉજ્જવળ ભવિષ્ય પર દ્રષ્ટિપાત થાય છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૨૪ના ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડેની 'શિક્ષણ અને સંશોધન માટે સંગ્રહાલયો' થીમ ઉપર ઉજવણી કરવામાં આવશે. જૂનાગઢ સંગ્રહાલયનું મૂળ તો આઝાદ ચોક ખાતેની હાલની સરકારી લાઈબ્રેરી સાથે જોડાયેલુ છે. અહી વર્ષ ૧૮૯૭માં તત્કાલિન મુંબઈ રાજ્યના ગવર્નર લોર્ડ સેન્ટહર્સ્ટના હસ્તે મ્યુઝિયમ બનાવવા માટેશિલારોપણ વિધિ કરાઈ હતી અને ૧૯૦૧માં રોજ લોર્ડ નોર્થકોર્ટે તેને જાહેર જનતા માટે ખુલ્લું મૂક્યું.જૂનાગઢ સંગ્રહાલય તરીકે ઓળખાતું આ સંગ્રહાલયને સરદારબાગની તાજ મંઝિલ તરીકે ઓળખાતી બિલ્ડિંગમાં સ્થળાંતર થયું. જૂનાગઢના દરબાર હોલ-દીવાન ચોક અને જૂનાગઢ મ્યુઝિયમ- સક્કરબાગ બન્ને મ્યુઝિયમોનું તાજ મંઝિલમાં એક મ્યુઝિયમ અંતર્ગત એકીકરણ કરવામાં આવ્યુંહતું.

**ખાસ અહેવાલઃ રોહિત ઉસદડ**

# આગવી સુજબુઝની ક્ષમતા ધરાવતા પ્રફુલભાઈ ટોળીયાને ઉત્તરપ્રદેશના જોનપુર લોકસભાની મલહ વિધાનસભામાં ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપાઈ

## પોરબંદર લોકસભાના સંયોજક તરીકે ખુબ જ સારી કામગીરીના લીધે પ્રફુલભાઈ ટોળિયાને યુપીની સ્પેશીયલ જવાબદારીને આવકારતુ રાજકોટ જીલ્લા ભાજપ : દવે, ઢોલરીયા, જાડેજા, હેરભા, માંકડિયા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૮

રાજકોટ જીલ્લામાં તાલુકા કક્ષાથી માંડીને રાજ્યના સ્તર સુધી ભાજપ સંગઠન અને કાર્યક્રમોના આયોજનની કામગીરીમાં પોતાની રાજકીય કુનેહશક્તિ અને ક્ષમતાના અનેક વખત દર્શન કરાવનાર પોરબંદર લોકસભાના સંયોજક અને રાજકોટ જીલ્લાના ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળિયા (મો.૯૮૨૫૪ ૧૩૯૬૪)ની સંગઠન શક્તિમાં વિશ્વાસ રાખીને એમને રાષ્ટ્રીય કક્ષાએ ખુબ મહત્વની મોટીજવાબદારી પ્રદેશ નેતાગીરી તરફથી સોંપવામાં આવી છે. પ્રફુલભાઈ ટોળિયારાજકોટ જીલ્લામાં અવારનવાર એમની સંગઠન શક્તિઅને આયોજનની અસરકારક શૈલીનો અને કામગીરીનો નેતૃત્વ પર પ્રભાવ પડી ચુક્યા છે તેમની આ કાબેલિયતની કદર કરીને ઉતરપ્રદેશમાં જોનપુર લોકસભાની મલહ વિધાનસભામાંખુબ અઘરી પરંતુ મહત્વની જવાબદારી સોંપવાનો પ્રદેશ કક્ષાએ લેવાયેલો નિર્ણય એમને એમની ક્ષમતાનું નેતાગીરીતરફથી મળેલું પ્રમાણ પત્ર ગણી શકાયરાજકીય પડકારોના તોફાની સમુદ્રમાં સામા પૂરે તરવાની એમની ક્ષમતા જાણીતી છે એટલે જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ઉત્તરપ્રદેશમાં આવેલી જોનપૂર લોકસભાના










મલહ વિધાનસભા બેઠકના ઈન્ચાર્જની જવાબદારી સોંપવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં આવેલી જોનપૂર લોકસભાની મલહ વિધાનસભા બેઠક એવી છે જે લાંબા સમયથી ભાજપ માટે રાજકીય રીતે અને ચુંટણીની દ્રષ્ટિએ શિરદર્દ બની રહી છે. કેમકે છેલ્લા લાંબા સમયથી ભાજપને જોનપૂરમાં વિજય મળ્યો નથી એટલે આ બેઠક ભાજપ માટે ખુબ અઘરી છે તો પ્રફુલભાઈ ટોળિયા અઘરા કામને આસાન કરવા ટેવાયેલા છે અને અનેકવાર પોતાની એ શક્તિના દર્શન પણ કરાવી ચુક્યા છે તેનો એક પુરાવો પોરબંદર લોકસભાની બેઠકને વર્તમાનમાં પ્રફુલભાઈ ટોળિયાએ પોરબંદર લોકસભાના સંયોજક તરીકેએમના અભૂતપૂર્વ આયોજનને કામે લગાડીને ભાજપને આ મુશ્કેલ સીટ આસાન કરાવીઆપી હતી. અહીં ભાજપના ઉમેદવારને શાનદાર પ્રજાનો વિશ્વાસ મળેત્યારથી જ નેતાગીરી તેમની સંગઠન ક્ષમતાની નોંધ લેવા લાગી હતી. તાજેતરમાં ગુજરાતમાં લોકસભાની ચુંટણી પ્રચાર કાળમાં ખુબજ ટૂંકા સમયમાં વડાપ્રધાન મોદીની બે દિવસમાં યોજયેલી જાહેર સભાનું ખુબ શાનદાર રીતે સફળ આયોજન કર્યું. ભાજપ માટે અતિ મુશ્કેલ વિસ્તારોમાં સફળ કામગીરી બજાવી ચુક્યા છે અને ભાજપ માટે કષ્ટભંજક ચાણક્ય તરીકે ઉભરી આવ્યા છે.પ્રફુલભાઈ ટોળિયાને મળેલી ઉપરોક્ત જવાબદારીને રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા તથા જીલ્લાના તમામ હોદેદારોએ હર્ષભેર આવકારી છે. તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયાની યાદીમાંજણાવે છે.

## દેવભૂમિ દ્વારકા જીલ્લામાં રોગચાળાના નિયંત્રણ માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરીનો બીજો તબક્કો હાથ ધરાશે

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા. ૧૮

રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તા. ૨૨ થી ૩૦ એપ્રિલ સુધીમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કામગીરીનો પ્રથમ તબક્કો પૂર્ણ કરવામાં આવ્યો છે. હવે તા. ૨૦ થી ૩૦ મે સુધીમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો બીજો તબક્કો પણ શરૂ કરવામાં આવશે. આ દિવસો દરમિયાન બીજા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ, જાહેર સ્થળો,બાંધકામ સાઈટ, જીઆઈડીસી સહિતના વિસ્તારોની મુલાકાત લેવામાં આવશે. જેમાં ફીવર સર્વેલન્સ સાથે પોરાની ઉત્પત્તી થઈ શકે તેવા સંભવિત જગ્યાઓ ઉપર રોગ અટકાયત કામગીરી કરવામાં આવશે. આ ઉપરાંત ચાલુ વર્ષ દરમિયાન જિલ્લામાં મેલેરિયા માટે હાઈરીસ્ક કુલ ૪ ગામોની કુલ ૩૨૯૩ જેટલી વસ્તીમાં જંતુનાશક દવા આલ્ફાસાયપર મેથ્રીન ૫ ટકા છંટકાવ કામગીરીના બે રાઉન્ડ ૮ ઓગષ્ટ સુધીમાં કરવાનું આયોજન છે. રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ભારતને મેલેરિયા મુક્ત બને તે ઉદ્દેશ્યથી કામગીરી ચાલી રહી છે. બદલાયેલા વાતાવરણને પગલે આ વર્ષે આરોગ્ય તંત્ર વાહકજન્ય રોગોને લઈને વધારે ગંભીર છે. જોકે આ વખતે ત્રણ રાઉન્ડમાં કામગીરીનું આયોજન કરાયું છે, જે અંતર્ગત જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એમ.એન. ભંડેરીના માર્ગદર્શનમાં જિલ્લા મેલેરીયા અધિકારી ડો. એમ.ડી. જેઠવાની આગેવાનીમાં ખાસ કામગીરી કરાશે. જે અંતર્ગત ૨૦ થી ૩૦ મે સુધી આશા વર્કર બહેનો અને હેલ્થ વર્કરો પોતાના વિસ્તારોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરશે,જેમાં ગામની સરકારી અને ખાનગી સંસ્થાઓ, ગામની દુકાનો, હોટલ સહિતની દુકાનો જેવા સ્થળોને પણ આવરી લેવામાં આવશે.

# સોમનાથ-વેરાવળ દરીયામાં માછીમારી કરતી ૭૦ ટકા ઉપરાંતની બોટો સીઝન પહેલા જ બંધ



(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૮

બધાજ વરસો કરતા દરીયાઈ માછીમારીની આ નબળામાં નબળી સીઝન છે. ચિંતાતુર ચહેરે ભારે વિષાદ સાથે વાતો કહેત ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ બોટ એસોસીએશન-સાગર ફાઉન્ડેશનના પ્રમુખ તુલસી ગોહેલ કહે છે 'યુરોપ કન્ટ્રીમાં થયેલા યુધ્ધની અસર આ ધંધાને વરતાઈ છે. પહેલા જે મચ્છી ૩૦૦ રૂપિયામાં જતી જેને હાલ ૮૦ રૂપિયામાં વેંચાણ થાય છે'. સ્કયુટ નરસિંહા મચ્છી યુરોપમાં એકસપોર્ટ થાય છે. સુરમી, કટલ ફીસ, સ્મોલ કટલ ફીસ જે બધી યુરોપમાં જતી તેના શરૂઆતથી જ ભાવ નીચા નીકળ્યા, વેરાવળમાં ૪૫૦૦ જેટલી ફિશીંગ બોટ ઓબીએમ-આરબીએમ છે. નાની હોડી ૧૨૦૦ જેટલી છે.

સરકારી તંત્રના જણાવ્યા અનુસાર જીલ્લામાં ૩૪૫૨૦ માછીમારો તેમજ ૬૯૦૪ જેટલી બોટો તથા હોડીઓ દ્વારા માછીમારી પ્રવૃતિ કરવામાં આવે છે. વેરાવળ જીઆઈડીસીમાં ૭૫ પ્રોસેસીંગ પ્લાન્ટ તેમજ ૫૯ આઈસ ફેકટરી અને ૫૩ જેટલા ફિશ મિલ પ્લાન્ટ કાર્યરત છે જેમાં આશરે ૧૩,૧૯૨ જેટલા પુરૂષો તથા મહિલાઓ કામગીરી થકી રોજગારી મેળવે છે. તુલસીભાઈ વાતને આગળ વધારતા કહે છે રૂષ-યુક્રેન યુધ્ધની અસર નિકાસ ઉપર પડી છે તો ચીનના નિકાસમાં ભાવ અપ-ડાઉન થાય છે અને તે પણ હવે ખાલી સસ્તો માલ જ લે છે જે ચીન રીબીન માછલી લેતાતા તે હાવે બી ગ્રેડનો નીચા ભાવવાળો માલ માગે છે. ૧ જુનથી બે માસ માટે માછીમારી દરીયામાં બંધ રહે છે પરંતુ માર્ચ પહેલાથી જ સીઝન સાવ નબળી અને ખર્ચ કરતા સાવ ઓછું ઉત્પાદન મળતું હોવાને કારણે ૭૦ ટકા ઉપરાંતની બોટો બંદર ઉપર પાર્કીંગથી થપ્પો થઈ ગયો છે.

હાલ હજુ ૬૦૦થી ૭૦૦ બોટો દરીયામાં હશે. દરીયામાં માછીમારી કરવા જતી બોટની ૨૦ દિવસની ટ્રીપ હોય છે અને એક બોટમાં આઠથી દસ લોકો કામ કરતા હોય છે. ટ્રીપનો ખર્ચો ગણીયે તો ખાલસીઓનો પગાર ૧ લાખ પાંચ હજાર, બરફ રૂપીયા ૧૫૦૦૦, રાશન ૨૦,૦૦૦ રૂપિયા, નેટ રીપેરીંગ ૧૦થી ૧૨ હજાર રૂપિયા અન્ય ખર્ચ રૂપિયા ૧૦ હજાર, ડીઝલ ખર્ચ રૂપિયા ત્રણ લાખ જેવું થાય છે. આમ અંદાજે રૂપિયા સાડાચાર લાખ ઉપરાંતનો ખર્ચ થાય અને તેથી વધુ માલ દરીયામાંથી ન મળે તો ટ્રીપ ફેઈલ જાય છે.

ગુજરાત રીઝીયન સી ફુડ એકક્ષોપોર્ટ એસોસીએશનના પ્રમુખ કેતન સુયાણી કહે છે કે, યુરોપ અને અમેરીકાની ઈકોનોમી ડાઉન છે જે કોરોના બાદ પછી જોતું તું એટલું ઉપર આવી ન શકયું. તેના

### દરીયામાંથી પુરો માલ ન મળતા સીઝન પુરી થવાના ત્રણ-ચાર મહિના પહેલા જ બંધ થઈ ગઈ

સરખામણીમાં ભારતનો ઈકોનોમી ગ્રોથ સારો છે પણ ભારતની મોટી સમસ્યા એ છે કે, ડીઝલનો ભાવ ઉંચો છે. એટલે માચ્છીમારોએ માછલાના ભાવ વધારી દીધા જેનો વેંચાણભાવ અમેરીકા, યુરોપમાંથી નથી આવતો. હવે ચાઈનામાં કોરોના પછી ઈકોનોમી પરિસ્થિતિ ખુબજ નબળી પડી છે તેથી તે દેશ સસ્તા ભાવે માછલા માગે છે. જે ભારતના માછીમારોને પોષાય તેમ નથી. ભારતનું ૭૦,૦૦૦ કરોડનું વેંચાણ વિદેશોમાં જ થાય છે જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરલનું ૨૨૦૦૦ કરોડનું થાય છે. જે આ વરસે માત્ર ૧૬૦૦૦ કરોડ જ થયું છે. સીઝન મંદીની આ ઐતિહાસિક ઘટના છે અને માછલાના પુરા ભાવ ન મળતા ધંધા ઠપ્પ થઈ ગયા છે. તુલસી ગોહેલ વાતનો દોર આગળ લંબાવતા કહે છે જેની આજીવીકા ઉપર સીધી અસર થાય છે. બીજી કોઈ સ્કીમ ન હોય રોજગારી માટે બીજા ધંધામાં પડવા છતાં સફળતા કે રોજગારી મળતી નથી. આ આર્થીક સંકડામણની અસર બાળકોના શિક્ષણ ઉપર પણ પડી છે.

**માચ્છીમારીમાં મંદી કેમ ?**

ડીઝલનો ભાવ વધારો અને તેના વેરામાં રાહતની ખુબજ અપેક્ષા, જયારે માછલીનો ભાવ અપ-ડાઉન, સંશાધન મોંઘુ થતું જાય છે. દિવસે-દિવસે મચ્છીનો કેચ ઘટતો જાય છે.

ઉપરાંત ગેર કાયદેસર થતી લાઈન ફીસીંગ અતી આધુનિક ટેકનોલોજીવાળી ફલડ લાઈટ ફીસીંગ અને ચોકકસ બોટો એકી સાથે જંગી માછલી કેચ સીસ્ટમ અને નાના બચ્ચા જાળમાં કેચ થાય તેવી પ્રવૃતિ આવી વ્યાપકતાને કારણે હજારો ટન માછલીઓ અન્યત્ર ઉપાડી જવાય છે જેથી સ્થાનિક રોજગારીને ધકકો પહોંચે છે. ધંધામાં કસ જ રહ્યો ન હોઈ જેથી બંધર કાંઠે જે ૩૧ મે રાત્રી સુધી બોટો દર વરસે લાંગરી જતી જે માર્ચ મહિનાથી જ લાંગરવાનું શરૂ થઈ વાહણ પાર્કીંગમાં વહાણોના થપ્પા લાગી ગયા છે. ૧ જુનથી બે માસ માટે સરકારી વેકેશન દરીયામાં શરૂ થાય છે પરંતુ તે આ વખતે કયારનું ય પરિસ્થિતિ કારણે બીનસત્તાવાર શરૂ ગયેલ છે. કાંઠા ઉપર વાહણ રીપેરીંગ, જાળ ગુંથવી, નવા જહાજ બનાવવા, સુતારીકામ-કલર કામ જે વેકેશનમાં જ થતું તે વહેલું શરૂ થઈ ગયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

### લોકતાંત્રિક દેશોનાં બેવડા ધોરણો સામે સવાલો

અમેરિકા અને યુરોપની કેટલીય યુનિવર્સિટીઓમાં પેલેસ્ટાઈનની સાથે સાથે આતંકી સંગઠન હમાસના સમર્થનમાં પ્રારંભ થયેલ આંદોલન યહૂદીઓ-ઈઝરાયલ પ્રત્યે ઘૃણામાં ફેરવાઈ ગયું છે. તેમાં 'અમે હમાસ છીએ' અને 'હમાસ જિંદાબાદ' જેવા નારા સાથે ઈઝરાયલ પર ફરીથી નૃશંસ જેહાદી હુમલા દોહરાવવાની કામના કરવામાં આવે છે. એનાથી યાદ આવે છે કે ભારતમાં નાગરિકતા સંશોધન કાયદા એટલેકે સીએએ વિરોધી પ્રદર્શનોમાં શું થયું હતું? ત્યારે સીએએ વિરુદ્ધ કેટલાય આંદોલનકારીઓએ મજહબી નારા બુલંદ કર્યા હતા. એ જ દરમ્યાન રાજધાની દિલ્હીમાં ભીષણ તોફાનો ફાટી નીકળ્યાં હતાં. એ જ રીતે જ્યારે કૃષિ સુધાર કાયદા વિરુદ્ધ ખેડૂતોના એક વર્ગે આંદોલન કર્યું, ત્યારે એક વીડિયોમાં ખાલિસ્તાન સમર્થકો દ્વારા વડાપ્રધાન મોદીના હાલ પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી જેવા કરવાની ધમકીઓ આપવામાં આવી હતી.

જે રીતે ભારતમાં ખેડૂત આંદોલન અને સીએએ-વિરોધી પ્રદર્શનોને વિપક્ષી દળોના પ્રત્યક્ષ-પરોક્ષ સમર્થનથી રાષ્ટ્રવિરોધી શક્તિઓને 'આંચકી' લીધાં હતાં, એ જ રીતે અમેરિકામાં પણ કેટલીય યુનિવર્સિટીઓએ છાત્રોના પ્રદર્શનમાં બહારના લોકો સામેલ હોવાની પુષ્ટિ કરી છે. જે વ્યક્તિઓ-સમૂહો પર ભારતમાં સીએએ-વિરોધી પ્રદર્શનો અને ખેડૂત આંદોલનને ધનથી પોષિત કરવાન આરોપ લાગ્યો હતો, લગભગ એ જ લોકોની ભૂમિકા અમેરિકી યુનિવર્સિટીઓમાં ઈઝરાયલ-યહૂદીઓ વિરુદ્ધ છાત્રોને ભડકાવવામાં ખૂલી રહી છે. એમાં સૌથી મુખ્ય નામ અમેરિકી ધનાઢ્ય જ્યોર્જ સોરોસનું છે, જે વડાપ્રધાન મોદી પ્રત્યે પોતાની ઘૃણા ખુલ્લેઆમ વ્યકત કરી ચૂક્યા છે. દેખાવકાર છાત્રોને જે 'સ્ટુડન્ટ ફોર જસ્ટિસ ઈન પેલેસ્ટાઈન'નું સમર્થન મળી રહ્યું છે, તે સોરોસની કેટલીય સંસ્થાઓ દ્વારા ધનપોષિત છે. યહૂદી વિરોધી આંદોલનને એ કટ્ટરપંથી છાત્રો દ્વારા ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે, જેમને સોરોસ દ્વારા ધનપોષિત 'યુએસ કેમ્પેન ફોર પેલેસ્ટાઈન રાઈટ્સ' પાસેથી નાણાં મળે છે. આ સમૂહ પેલેસ્ટાઈનના સમર્થનમાં પ્રદર્શન કરવાના બદલે છાત્રોને સારાં એવાં નાણાં આપે છે!

ભારતમાં પણ સરકાર વિરોધી આંદોલનોમાં દેખાવકારોને સ્વાદિષ્ટ ભોજન અને આરામદાયક અસ્થાયી આવાસમાં રોકાવાની તસવીરો જોવા મળી હતી. ઠીક એ જ રીતે અમેરિકન યુનિવર્સિટીઓમાં પ્રદર્શનકારી છાત્રો માટે સ્વાદિષ્ટ ભોજનની સાથે પ્રદર્શન સ્થળ પર કેટલાય દિવસો સુધી પડી રહેવા માટે એક સમાન ટેન્ટોની વ્યવસ્થા કરી છે, જેની એક જગ્યાએથી ઓનલાઈન ખરીદી થઈ છે. અમેરિકી યુનિવર્સિટીઓમાં છાત્રોની અરાજકતા અને તેમની વાહિયાત માંગોથી કંટાળેલી પોલીસ એ ટેન્ટો પર બુલડોઝર ચલાવી રહી છે! ભારતમાં આવું કંઈ કરવામાં આવ્યું હોત તો અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશોએ આકાશ માથે લીધું હોત.

ભારતમાં શાહીનબાગ અને સિંધુ બોર્ડર પર મહિનાઓ સુધી આવાં અરાજક પ્રદર્શનો ચાલ્યાં, જેવાં અમેરિકામાં થોડા દિવસથી ચાલી રહ્યાં છે અને જેની સામે તે સખ્તાઈ કરી રહ્યું છે. અમેરિકામાં છાત્ર આંદોલનના પરિપ્રે-યમાં ત્યાંની સંસદ દ્વારા પસાર યહૂદી-વિરોધી કાનૂની પરિભાષાના વિસ્તાર માટે વિધેયક મહત્ત્વપૂર્ણ થઈ જાય છે. આ વિધેયકના કાયદો બનતાં જ વર્તમાન રાષ્ટ્રપતિ જો બાઈડન કે ભવિષ્યમાં કોઈપણ અમેરિકી રાષ્ટ્રપતિને યહૂદી-વિરોધી ભાવનાને ઉત્તેજન આપનારા અને ઈઝરાયલને નિશાનો બનાવતી સંસ્થાઓના ધનપોષણ અને અન્ય સંસાધનો પર પ્રતિબંધ લગાવવાની અનુમતિ મળી જશે. કલ્પના કરો કે જો ભારતમાં આવો કોઈ હિંદુ સમર્થિત કાયદો મોદી સરકાર સંસદમાં પસાર કરે તો અમેરિકા અને યુરોપી દેશો આપણને સહિષ્ણુતા-સમરસતા વગેરે વિષયો પર ઉપદેશ આપવા લાગે. જે અમેરિકી શિક્ષણ સંસ્થા આ સમયે યહૂદી વિરોધી અભિયાનોનું કેન્દ્ર બની છે, તેમાંથી જ એક રટગર્સ યુનિવર્સિટી ૨૦૨૧ના 'ડિસ્મેન્ટલિંગ ગ્લોબલ હિંદુત્વ' સંમેલનનો હિસ્સો બની ચૂકી છે. તેનાથી વિપરીત ભારતમાં શાહીનબાગથી લઈને કૃષિ કાયદા વિરોધી આંદોલન દરમ્યાન ગણતંત્ર દિવસે અરાજકતા મામલે મોદી સરકારે ધીરજનો પરિચય આપ્યો. ત્યારે અમેરિકા, કેનેડા સિવાય કેટલાય યુરોપીય દેશો ભારતને 'અભિવ્યક્તિની સ્વતંત્રતા' અને 'માનવાધિકાર' પર ઉપદેશ આપી રહ્યા હતા. જ્યારે કેનેડામાં ટ્રક ચાલકોના પ્રદર્શનની સ્થિતિમાં ત્યાં કટોકટી લાગુ કરવામાં આવી હતી. આજે અમેરિકામાં પ્રદર્શન કરતા છાત્રોને નિર્મમતાથી ખદેડવામાં આવે છે.

૧૯૯૧ સુધી વિશ્વ બે ધ્રુવીય હતી. ડાબેરી સોવિયેત સંઘના વિઘટન બાદ માનવામાં આવતું કે વિશ્વમાં અમેરિકાના નેતૃત્વવાળા માત્ર એક જ ધ્રુવનું પ્રભુત્વ રહેશે. જોકે આજે દુનિયા બહુધ્રુવીય થઈ ગઈ છે. તેમાં સત્તાનાં કેટલાંય કેન્દ્ર બની ચૂક્યાં છે. એમાંથી એક અત્યંત શક્તિશાળી 'રાજ્યહીન', પરંતુ કોઈ જવાબદારી વિનાનો સમૂહ છે. કોઈ યોગ્ય ઉપમાના અભાવે આ વર્ગને 'વોક' કહે છે. આ સમૂહ નાનો, અતિ પ્રભાવી અને આક્રમક છે, જે લોકતાંત્રિક પ્રક્રિયાથી ચૂંટાયેલી સરકારોને તેમના એજન્ડા લાગુ કરવાથી રોકવા અને વ્યવસ્થાને પંગુ કરવાનો પ્રયાસ કરે છે. ડાબેરી-ફાસિસ્ટ વૈચારિક-અધિષ્ઠાનથી પ્રેરિત આ ટોળકી, કોઈ અપરાધબોધ વિના જનાદેશના ચીરહરણમાં પારંગત છે. એની સાથે જોડાયેલા લોકો માને છેકે બાકી સમાજ નિર્ણય લેવામાં અસમર્થ છે, તેથી તેમને જ તેનું ભલું કરવાનો દૈવી અધિકાર મળેલો છે. આ ટોળકી 'શાંતિપૂર્ણ વિરોધ'ના બહાને લાંબા સમય સુધી ધરણાં-પ્રદર્શન, હિંસક આચરણ, જનજીવનમાં અડચણ અને શાસન-પ્રશાસનને ડરાવવા-ધમકાવવાની નીતિ અપનાવે છે. જ્યારે સત્તા અધિષ્ઠાન બળપ્રયોગ કરવા મજબૂર થાય ત્યારે આ જ ટોળકી ખુદને પીડિત ગણાવવા માટે મનઘડંત વિમર્શ ઘડવાનું ચાલુ કરી દે છે. જે 'ટૂલકિટ'નો ભારતમાં સીએએ અને કૃષિ સુધાર વિરોધી પ્રદર્શનોમાં ઉપયોગ થયો હતો, હવે જ્યારે અમેરિકા તેનો શિકાર બન્યું છે તો તેની આંખો ખૂલી રહી છે. અરાજકતાને ડામવા માટે જે ઉપાયોને અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશો દમનકારી અને અલોકતાંત્રિક ગણાવતાં નિંદા કરે છે, તેઓ તેનો જ વધુ ભયંકર રૂપે પોતાને ત્યાં ઉપયોગ કરી રહ્યા છે. શું આ સ્વયંભૂ લોકતાંત્રિક દેશો દ્વારા બેવડાં ધોરણો અપનાવવાની પરાકાષ્ઠા ન કહી શકાય?

---

વરસાદે ખેડુતોની ચિંતા વધારી

## અંબાજીમાં સતત ચોથા દિવસે વરસાદી વાતાવરણ સર્જાયું

### ભર ઉનાળે અંબાજીમાં સતત ચોથા દિવસે વરસાદ વર્ષી રહ્યો છે ભારે વરસાદની આગાહી કરી છે

અંબાજી,તા.૧૮

શક્તિ પીઠ અંબાજી માં સતત ચોથા દિવસે વરસાદી વાતાવરણ સર્જાયું હતું. ત્યારે ભર ઉનાળે અંબાજીમાં સતત ચોથા દિવસે વરસાદ વર્ષી રહ્યો છે. ભારે વરસાદની આગાહી કરી છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, દક્ષિણ પશ્ચિમ ચોમાસું ૩૧ મેથી ૧ જૂનની આસપાસ કેરળ પહોંચે તેવી શક્યતા છે. ચોમાસું કેરળમાં પહોંચ્યા પછી જ અન્ય રાજ્યો માટે ચોમાસાની હિલચાલ નક્કી કરવામાં આવશે. ચોમાસું ૨૫ જૂનથી ૬ જુલાઈ વચ્ચે રાજસ્થાન પહોંચે તેવી શક્યતા છે. ત્યારે અંબાજી માં ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ફૂંકાઈ હતી તેમજ પવનના કારણે ત્રીજા દિવસે ગબ્બર પર્વત પર રોપવે બંદ કરવામાં વાયો હતો.આપને જણાવી દઈએ વરસાદ ચાલુ થતા જ યાત્રિકો શેડ અને પોતાની ગાડીઓ માં આશરો લીધો હતો.ત્યારે ક્યાંક ગરમી થી રાહત તો ક્યાંક કમોસમી વરસાદ નો આતંક સામે આવ્યો હતો.આ સિવાય દાંતા તાલુકા મા અંતરિયાળ વિસ્તારમાં છાપરા ઉડવાના દ્રશ્યો પણ સામે આવ્યા હતા,જેના કારણે ખેતી ધરાવતો દાંતા તાલુકો સતત વાતાવરણ બદલતા ભયનો સામનો કરી રહ્યો છે.

હવામાન વિભાગની સાથે સાથે પ્રકૃતિમાં જોવા મળતા પ્રાણીઓ પણ ભવિષ્યની માહિતી આપવામાં પાછળ નથી. લોક માન્યતાઓ અનુસાર, ટીટોડીએ ઈંડા મૂકવું એ વરસાદની નિશાની માનવામાં આવે છે. ખેડૂતો પણ આ સંકેતોના આધારે તેમની ખેતીની તૈયારી કરે છે.

કહેવાય છે કે ટીટોડી પક્ષી જેટલા ઈંડા મૂકે છે તેના પ્રમાણમાં વરસાદ પડે છે. ત્યારે અંબાજી સાથે સાથે રાજકોટના જસદણ પંથકમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો,વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો,તેમજ જસદણ ,આટકોટ સહિત વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો.વૈશાખ મહિનામાં અષાઢી માહોલ સર્જાયો હોય તેવું લાગી રહ્યું હતું.જૂનાગઢ,દોલતપરા સહિત વિસ્તારમાં વરસાદ જોવા મળ્યો હતો તેમજ સાથે ભારે પવન પણ ફૂંકાયો હતો,વરસાદને કારણે લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી,માહિતી અનુસાર જસદણ પંથકમાં આજે બપોરે વાતાવરણમાં પલટો આવ્યો હતો,અને વિજળીનાં કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. આ સિવાય જસદણ આટકોટ જંગવડ ગુંદાળા સહિત વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો

જેના કારણે રસ્તા પર પાણી વહી નીકળ્યા હતા.આખો દિવસ ગરમી અને બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા,ત્યારે વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી, હાલ ભર ઉનાળે વરસાદ આવતા કેરીને ભારે નુકસાન પહોચે તેવી શક્યતાઓ છે,ત્યારે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.આપને જણાવી દઈએ ભારે પવન સાથે વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદ ખાબક્યો હતો,જેના કારણે અંતરિયાળ ગામડાઓમાં વિજળી ગુલ થઈ ગય હતી, તેમજ લોકો ને ગરમી માંથી રાહત મળી હતી,વરસાદને કારણે ખેડુતોમાં ચિંતા ની લાગણી ફેલાઈ ગઈ હતી,તેમજ તલ બાજરો મગ બજાર સહિતના પાકોને નુકસાનીની ભીતી સેવાઈ રહી છે.

---

સંકલન સમિતિ પર પદ્મિનીબા લાલચોળ

## રૂપાલાને માફ કરો કાં આંદોલન કરો પોદરામાં સાંઠો ન રાખો : પદ્મિનીબા

### ક્ષત્રિય આગેવાન પદ્મિનીબા વાળાએ આંદોલનના વિરામની જાહેરાત મુદ્દે પોતાનું નિવેદન આપીને ખળભળાટ મચાવી દીધો

રાજકોટ,તા.૧૮

છેલ્લા ઘણા સમયથી ચાલતા પુરૂષોત્તમ રૂપાલાના નિવેદન વિવાદનો ચૂંટણીના મતદાન બાદ અંત આવ્યો એવું લાગી રહ્યું હતું. કારણ કે ગઈકાલે (ગુરુવાર) ક્ષત્રિય સંકલન સમિતિની બેઠક મળી હતી, જેમાં આંદોલનના વિરામની જાહેરાત કરવામાં આવી હતી. આ મુદ્દે ક્ષત્રિય આગેવાન પદ્મિનીબા વાળાએ પ્રેસ કોન્ફરન્સ કરીને સંકલન સમિતિને આડેહાથ લીધી હતી. ક્ષત્રિય આગેવાન પદ્મિનીબા વાળાએ આંદોલનના વિરામની જાહેરાત મુદ્દે પોતાનું નિવેદન આપીને ખળભળાટ મચાવી દીધો છે. કરણસિંહ ચાવડાએ કોના કહેવાથી આ ડીસીઝન લીધું? પદ્મિનીબા વાળા

પદ્મિનીબા વાળાએ જણાવ્યું હતું કે સંકલન સમિતિની જાહેરાત મુદ્દે કહ્યું કરણસિંહ ચાવડાએ કોના કહેવાથી આ ડીસીઝન લીધું? પોતાનું ડીસીઝન હોઈ તેવું લાગતું નથી. ક્ષત્રિય સમાજમાં વિરોધ હતો તો કોનો હતો? કરણસિંહ ડબલ બોલી રહ્યા છે. અગાઉ સંકલન સમિતિના સભ્ય પી ટી જાડેજાએ પણ ઓડિયો જાહેર કર્યો હતો. જેમાં સંકલન સમિતિના તૃપ્તિબા રાઓલ અંગે પી.ટી.જાડેજા બોલ્યા હતા. પરંતુ પી ટી.જાડેજા હવે ક્યાં છે? પદ્મિનીબા વાળાએ સંકલન સમિતિ પર આરોપ લગાવતા જણાવ્યું હતું કે, સમાજની અત્યારે પથારી ફરાઈ ગઈ છે. બહેનો દીકરીઓનો હાથો બનાવી રાજકારણ કરી રહ્યા છો. ક્ષત્રિયોમાં ૧૨૦ સંસ્થાઓ છે તો કઈ છે તે જાહેર કરો. રૂપાલાને માફ કરો કાં આંદોલન કરો. પોદરામાં સાંઠો ન રાખો. પદ્મિનીબા વાળાએ કહ્યું કે ક્ષત્રિય સમાજનું આંદોલન એક રીતે જોઈએ તો નિષ્ફળ ગયું.

પદ્મિનીબા વાળાએ એક મોટું નિવેદન આપીને પરશોત્તમ રૂપાલાને હાશકારો કરાવ્યો છે. પદ્મિનીબા વાળાએ કહ્યું રૂપાલાભાઈએ ચૂંટણી પછી નારી શક્તિની માફી માંગી જેથી અમે બહેનો દીકરીઓ પરસોત્તમ રૂપાલાને માફી આપીએ છીએ. સંકલન સમિતિ પાપડ પણ ભાંગી શકે તેમ નથી. પદ્મિનીબા વાળા અને મારી ટીમને સંકલન સમિતિએ હાથો જ બનાવ્યો. પરશોત્તમ રૂપાલાનું રાજીનામુ તો સંકલન સમિતિ લઈ ન શકી, હવે જો આંદોલન થાય તો ટીકીટ અને સત્તા માટેનું જ રહેશે. કરણસિંહ ચાવડા પણ ટિકિટો માટે જ કરતા એવું બોલી ગયા છે. પદ્મિનીબા વાળાએ કહ્યું કે પરસોત્તમ રૂપાલા ઈચ્છશે તો હું અને મારી નારી શક્તિની ટીમ રૂપાલાની મુલાકાત કરશે. સામેથી બોલાવશે તો અમે મળવા જઈશું. જયરાજસિંહ જાડેજાએ જે કર્યું હતું તે બરાબર હતું. સંકલન સમિતિએ પણ છેલ્લે એ જ કર્યું.

---

રેશનિંગનું અનાજ હોવાનુ તપાસમાં ખૂલ્યુ

## જેતપુર નેશનલ હાઈવે પરથી શંકાસ્પદ ચોખાનો જથ્થો ઝડપાયો

### જિલ્લા પૂરવઠા અધિકારીની ટીમે ૩૮૦ કટ્ટા મળીને ૧૯,૨૪૦ કિલોનો જથ્થો ઝડપી પાડ્યો છે

ગીરસોમનાથ,તા.૧૮

ગીરસોમનાથમાં જેતપુર નેશનલ હાઈવે પરથી શંકાસ્પદ ચોખાનો જથ્થો ઝડપાયો છે. પ્રાચી તરફથી આવતા ટ્રકમાંથી તપાસ દરમિયાન ચોખાનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. જિલ્લા પૂરવઠા અધિકારીની ટીમે ૩૮૦ કટ્ટા ચોખા ઝડપી પાડ્યા છે.

ગીરસોમનાથમાંથી ફરી અનાજની ગેરકાયદે હેરાફેરી સામે આવી છે. જેતપુર નેશનલ હાઈવે પરથી પ્રાચી તરફથી આવતા ટ્રકમાંથી શંકાસ્પદ ચોખાનો જથ્થો ઝડપાયો છે. જિલ્લા પૂરવઠા અધિકારીની ટીમે ૩૮૦ કટ્ટા મળીને ૧૯,૨૪૦ કિલોનો જથ્થો ઝડપી પાડ્યો છે. ચોખાના સેમ્પલ લેબ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે. આ ચોખા રેશનિંગના હોવાનુ પ્રાથમિક તારણ સામે આવ્યુ છે. હાલ વેરાવળ મામલતદાર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

આ અગાઉ કોડિનારમાંથી પણ ગેરકાયદે અનાજ ઝડપાયુ હતુ. ગીરસોમનાથમાંથી અવારનવાર સરકારી અનાજ બારોબાર સગેવગે કરવાની હેરાફેરી સામે આવતી રહે છે.

ગરીબોને આપવાનુ અનાજ બારોબાર વેચી મારવાનુ જાણે કાળા બજારીનું મોટુ કૌભાંડ ચાલી રહ્યુ હોય તે પ્રકારે અવારનવાર ગેરકાયદે રીતે અનાજનો જથ્થો ઝડપાઈ રહ્યો છે.

---

## રાજ્યમાં ફરી RTOનું સર્વર ખોટકાતા વાહનચાલકોની સમસ્યામાં વધારો થયો

અમદાવાદ,તા.૧૮

રાજ્યમાં ફરી એક વાર RTOનું સર્વર ખોટકાતા વાહનચાલકોની સમસ્યામાં વધારો થયો છે. RTOનું સારથિ સર્વર મેન્ટેનન્સના કારણે બંધ રાખવામાં આવ્યુ છે. જેના પગલે આગામી ૨-૩ દિવસ સુધી વાહનચાલકો ડ્રાઈવિંગ ટેસ્ટ આપી શકશે નહીં.

સર્વરની કામગીરી ચાલુ થયા બાદ ડ્રાઈવિંગ ટેસ્ટ માટે ફરી બોલાવાશે.પ્રાપ્ત થતી વિગત અનુસાર ગુજરાતની સાથે દેશભરમાં સારથિનું સર્વર બંધ કરાયુ છે. જો કે માર્ચ મહિનામાં પણ સારથિ સર્વર બંધ રહ્યું હતુ. માર્ચ મહિનામાં ડ્રાઈવિંગ ટ્રેક આશરે ૨૦ દિવસ બંધ રહ્યો હતો. સારથિ સર્વર બંધ થતા ડ્રાઈવિંગનો ટેસ્ટ આપતા લોકોને તો હાલાકી પડશે. પરંતુ આ સાથે લાયસન્સ રિન્યુ કરનાર અને લર્નિંગ લાયસન્સ માટે આવનાર લોકોને પણ સમસ્યાનો સામનો કરવો પડશે.

---

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

રામ બે વાર નિશાન લગાવતા ન હતા અને ન તો બે વાર બોલતા હતા.

- વાલ્મીકીજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૧૦, તા.૧૮ મે ૨૦૨૪, શનિવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૯, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, હર્ષણ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૧૦, સૂ.અ.૭:૨૫

આજનો દિવસ મધ્યમ છે

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: બગડેલા કાર્યો સુધરે, સંતાનથી લાભ થાય.

વૃષભ:માનસિક ચિંતા દૂર થાય, આવકમાં વૃધ્ધિ થાય.

મિથુન:મહત્વની તક સાંપડે, સામાજિક પ્રવૃત્તિમાં વધારો થાય.

કર્ક: વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું, કાર્યક્ષેત્રમાં સફળતા મળે.

સિંહ: સંપત્તિ સંબંધી કાર્યમાં સફળતા, માનસિક તાણ દૂર થાય.

કન્યા: ધાર્યા કાર્યમાં વિલંબ થાય, આર્થિક સમસ્યા હળવી બને.

તુલા: મનની ચંચળતા દૂર થાય, કર્મક્ષેત્રે સફળતા મળે, કાર્યબોઝમાં વધારો થાય.

વૃશ્ચિક:વ્યર્થ દોડા-દોડી રહે, માનસિક પ્રફુલિતતા રહે.

ધન: આર્થિક ચિંતા દૂર થાય, સાહસિક કાર્યોમાં સફળતા મળે.

મકર: આકસ્મીક ધન લાભ થાય.

કુંભ: ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો.

મીન: પ્રવાસ ટાળવું હિતાવહ, આરોગ્ય બાબતે સંભાળવું.

---

## ધોરાજી પંથકમાં દૂષિત પાણી આવતુ હોવાથી લોકોમાં રોષ

રાજકોટ,તા.૧૮

ધોરાજી નગરપાલિકા ફરી એક વાર વિવાદમાં આવી છે. ધોરાજી પંથકમાં દૂષિત પાણી આવતુ હોવાની ઘટના સામે આવી છે. અત્યંત દુર્ગંધ મારતું પાણી વિતરણ કરતા લોકોમાં રોષ જોવા મળ્યો છે.સ્રાજકોટ ધોરાજી નગરપાલિકા ફરી એક વાર વિવાદમાં આવી છે. ધોરાજીના લાલા લજપતરાય વિસ્તારમાં નળોમાં દૂષિત પાણી આવી રહ્યું હોવાની ઘટના સામે આવી છે. અત્યંત દુર્ગંધ મારતું પાણી મળતા લોકોમાં રોષ જોવા મળ્યો છે. પીવાના પાણની લાઈનમાં ગટરનું પાણી ભળી ગયુ હોવાનું લોકોનો આક્ષેપ છે. જો કે ધોરાજીમાં ઘણા સમયથી દૂષિત પાણી આવતુ હોવાની સમસ્યા ચાલી રહી છે.

---

## ખાણ માફિયાઓ હવે સરકારી અધિકારીઓની રેકી કરવા લાગ્યા

ભાવનગર,તા.૧૮

ભાવનગરમાં ખાણમાફિયાઓ એટલા બેફામ બન્યા છે કે હવે તે સરકારી અધિકારીઓની રેકી કરવા સુધી ઉતરી આવ્યા છે. તેઓ સરકારી અધિકારીઓની રેકી કરીને તેના અંગેની સંવેદનશીલ માહિતી મેળવવા લાગ્યા છે. સરકારી અધિકારીઓનું લોકેશન વાહનોના નંબર, વાહનો ક્યાં, કયા રસ્તે, કયા સ્તળે જાય છે તેની વિગતો ભૂમાફિયાઓ સાથે શેર કરે છે. આમ તેઓએ ટેકનોલોજીના સથવારે તેમનું અનોખું ખબરી નેટવર્ક વિકસાવ્યું છે. ભાવનગર કલેક્ટર કચેરીના કમ્પાઉન્ડમાં સિક્યોરિટી ગાર્ડ સાથે ત્રણ શખ્સોને શકમંદ સ્થિતિમાં જોઈ ઈન્ચાર્જ ભૂસ્તરશાસ્ત્રી બી.એમ. જાલોંધરા જમવા નીચે ઉતર્યા હતા. તેમણે આ ત્રણેયને બોલાવીને તેમના નામ સરનામા પૂછતા તે ભાગવા લાગ્યા હતા. યુવરાજસિંહ ગુલાબસિંહ વાઢેર નામનો એક શખ્સ હાથમાં આવી જતાં તેની પાસેથી આઈફોન મળી આવ્યો હતો.

તેને પકડીને પૂછપરછ કરતાં કરતાં આખા કૌભાંડનો પર્દાફાશ થયો હતો. જ્યારે ભાગી ગયેલા બે જણા તેનો ભાઈ ક્રિપાલસિંહ વાઢેર અને બીજો નાનુ મલિક ઉર્ફે બાપા સીતારામ હોવાનું જાણવા મળ્યું હતું. આ શખ્સો પાસેથી જપ્ત કરાયેલા ફોનના નોટિફિકેશન જોતાં ધ ગ્રુપ ઓફ મામા સરકાર, કિસ્મત, જય માં ખોડિયાર, આરટીઓ લોકેશન, જય મોગલ માના નામના આ ગ્રુપોમાં સરકારી અધિકારીઓની માહિતીની આપલે થતી હોવાનું જણાયું હતું.

તેના પછી ખાનગી રાહે તપાસ કરવામાં આવતા ભોજપરા ગામે રહેતો કુલદીપસિંહ મહાવીરસિંહ ગોહિલ નામનો શખ્સ વોટ્સએપમાં અલગ-અલગ ગ્રુપ બનાવી તેના સાળા યુવરાજસિંહ વાઢેર, ક્રિપાલસિંહ વાઢેર નાનુ માલિક ઉર્ફે બાપા સીતારામ નાનુ સરકારી અધિકારીઓ પર બાજનજર રાખતા હતા. તેઓ ફિલ્ડમાં નીકળતા અધિકારીઓના બધા પગલાંનો ટ્રેક રાખી તેની મેસેજો દ્વારા આપલે કરતા હતા. તેઓ નાયબ કલેક્ટર, મામલતદાર, આરટીઓ ઈન્સ્પેક્ટર, ખાણ અને ખનીજ વિભાગના અધિકારીઓની પણ જાસૂસી કરતા હતા. આ બધા સામે ભાવનગરના નીલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા આઈપીસીની કલમ ૧૮૬,૧૨૦ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પીએસઆઈ એમ.જે. કુરેશીએ તપાસ હાથ ધરી છે અને પૂછપરછ શરૂ કરી છે.

---

જામનગરમાં મોરકંડા ગામની ઘટના

## વીસીઈને ૧૫૦ની લાંચ લેતા એસીબી શાખાએ રંગે હાથ ઝડપ્યો

જામનગર,તા.૧૮

જામનગર તાલુકાના મોરકંડા ગામમાં ખેડૂતોને પોતાના ૭-૧૨ અને હક પત્રક સહિતના દાખલાઓ કાઢવા માટે ૧૫૦ની લાંચ લેવા અંગે વીસીઈને જામનગરની એસીબી શાખાએ રંગે હાથ ઝડપી લીધો છે, અને તેની સામે લાંચ-રુશ્વત ધારા ભંગ બદલ કેસ કરવામાં આવ્યો છે. જામનગર જિલ્લાના જામનગર તાલુકાના મોરકંડા ગામના વી.સી.ઈ. નવીનચંદ્ર માધવજીભાઈ નકુમ (કોમ્પ્યુટર ઓપરેટર) કે જેના દ્વારા ખાતેદાર ખેડૂતોને ૭-૧૨ ના ઉતારા, હક પત્રક સહિતના દાખલા કોમ્પ્યુટર મારફતે કાઢવા માટેનું કામ ગ્રામ પંચાયત દ્વારા નિમણૂક કરીને સોપાયું છે. કર્મચારી દ્વારા પ્રત્યેક ખેડૂતોને દાખલા કઢાવવા માટે વધારાની રકમની માંગણી કરવામાં આવે છે, તેવી ફરિયાદ જામનગર એ.સી.બી. શાખાને મળી હતી.આ બાબતને ધ્યાનમાં રાખીને આજે મોરકંડા ગામમાં એસીબી દ્વારા લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. જે દરમિયાન વીસીઈ (કોમ્પ્યુટર ઓપરેટર) નવીનચંદ્ર નકુમ કે જે એક ખેડૂત પાસેથી દાખલા ની વધારાની ૧૫૦ની રકમ લાંચ સ્વરૂપે સ્વીકારવા જતાં એસીબી ની ટુકડીએ તેને રંગે હાથ ઝડપી લીધો છે. ખાતેદાર ખેડૂત દ્વારા જામનગર એ.સી.બી. નો સંપર્ક સાધવામાં આવ્યો હતો, જેના અનુસંધાને ખેડૂતને પાવડરવાળી ૧૫૦ રૂપિયાની વધુ નોટો અપાઈ હતી, જે નોટ સ્વીકારતાં વીસીઈને ઝડપી લેવાયા છે. જેને એ.સી.બી. કચેરીએ લાંચ રૂશ્વત ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવી રહ્યો છે.

# ૨૦૨૩માં આફતોના કારણે ભારતમાં પાંચ લાખથી વધુ આંતરિક વિસ્થાપન કારણભૂત : અહેવાલ

**જીનીવા સ્થિત આંતરિક વિસ્થાપન મોનિટરિંગ સેન્ટરના અહેવાલ મુજબ ભારતમાં પૂર વિસ્થાપનનો આંકડો ૩,૫૨,૦૦૦ હતો જે ૨૦૦૮ પછી સૌથી નીચો હતો, જેમાં સૌથી મોટી ઘટના આસામમાં જૂન મહિનામાં લગભગ ૯૧,૦૦૦ વિસ્થાપનને ટ્રિગર કરતી હતી, જે ૨૦ જિલ્લાઓને અસર કરતી હતી**

નવી દિલ્હી, તા.૧૮

ભારતે ૨૦૨૩માં પૂર, તોફાનો, ધરતીકંપ અને અન્ય આપત્તિઓના કારણે પાંચ લાખથી વધુ આંતરિક વિસ્થાપનનો અનુભવ કર્યો હતો, જે ૨૦૨૨માં લગભગ ૨૫ લાખ વિસ્થાપન કરતાં તીવ્ર ઘટાડો છે, એમ જાહેર કરાયેલા વૈશ્વિક અહેવાલમાં જણાવાયું છે. ગયા વર્ષે હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડના હિમાલયના રાજ્યોમાં જીવલેણ પૂરે વિનાશનો માર્ગ છોડી દીધો હતો. ઓકટોબર ૨૦૨૩માં સિક્કિમમાં ગ્લેશિયલ લેક ફાટી નીકળેલા પૂરને કારણે એક હાઈડ્રોઈલેક્ટ્રિક ડેમ તૂટી પડ્યો, જેમાં ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા અને ૮૮,૦૦૦થી વધુને અસર થઈ હતી. દિલ્હીમાં 'ફ્લડ ડિસ્પ્લેસમેન્ટ હોટસ્પોટ' તરીકે ઓળખાય છે તે યમુના નદી ૯ જુલાઈ, ૨૦૨૩ના રોજ ભારે વરસાદ પછી ઓવરફ્લો થઈ ગઈ હતી. જેના કારણે અધિકારીઓને ત્યાંના રહેવાસીઓને બહાર કાઢવા પડ્યા હતા. જીનીવા સ્થિત ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટર (IDMC)ના અહેવાલમાં જણાવાયું છે કે, રાષ્ટ્રીય રાજધાનીમાં લગભગ ૨૭,૦૦૦ વિસ્થાપન નોંધાયા છે. ૯ જુલાઈના રોજ દિલ્હીમાં માત્ર ૨૪ કલાકમાં ૧૫૩ મીમી વરસાદ નોંધાયો હતો, જે ૨૫ જુલાઈ, ૧૯૮૨ પછીનો સૌથી વધુ એક દિવસીય વરસાદ હતો. એકંદરે દક્ષિણ એશિયામાં ૨૦૨૩માં લગભગ ૩૭ લાખ આંતરિક વિસ્થાપન નોંધાયા હતા, જેમાં ૩૬ લાખ આપત્તિઓ સર્જાઈ હતી, જે ૨૦૧૮ પછીનો સૌથી ઓછો આંકડો છે. સંશોધકોએ આફતોને કારણે વિસ્થાપનમાં થયેલા ઘટાડા માટે અંશતઃ અલ નીનો ઘટનાને જવાબદાર ગણાવી હતી, જેણે ચોમાસા દરમ્યાન સરેરાશથી ઓછો વરસાદ અને નબળા ચક્રવાતની મોસમને કારણે આફતોમાં ઘટાડો કર્યો હતો. જો કે, પૂર અને વાવાઝોડાએ લોકોને ઘણીવાર તે જ વિસ્તારોમાં વિસ્થાપિત કરવાનું ચાલુ રાખ્યું હતું.

ચક્રવાત બિપરજોય જે જૂનની શરૂઆતમાં અરબી સમુદ્રમાં રચાયું હતું, તેના કારણે સમગ્ર ગુજરાત અને રાજસ્થાનમાં અંદર તરફ આગળ વધીને વ્યાપક પૂર લાવ્યું હતું, જેના કારણે ૧,૦૫,૦૦૦ લોકો વિસ્થાપિત થયા હતા. ચક્રવાત મોચા, દક્ષિણ એશિયામાં ૨૦૨૩ની સૌથી મોટી આપત્તિ વિસ્થાપન ઘટના બાંગ્લાદેશમાં મુખ્યત્વે કોક્સ બજાર જિલ્લામાં ૧૩ લાખ વિસ્થાપનને ઉત્તેજિત કરે છે. આગાહી અને પ્રારંભિક ચેતવણીઓએ અધિકારીઓને મોચાના લેન્ડફોલ પહેલાં કટોકટીની પ્રક્રિયાઓ શરૂ કરવાની મંજૂરી આપી, ગીચ વસ્તીવાળા વિસ્તારોમાંથી પૂર્વ-ઉત્તેજક સ્થળાંતર કરવામાં મદદ કરી હતી. IDMCએ જણાવ્યું હતું કે, EIનીનોને કારણે ૨૦૨૩માં દક્ષિણ એશિયાની ચક્રવાતની મોસમ પાછલા વર્ષોની સરખામણીમાં ઓછી તીવ્ર હતી, પરંતુ તોફાનો હજુ પણ ૧૮ લાખ હિલચાલને ઉત્તેજિત કરે છે, જે પ્રદેશના આપત્તિ વિસ્થાપનનો અડધો ભાગ છે. આ આંકડાના ઓછામાં ઓછા ત્રણ-ચતુર્થાંશ માટે સરકારની આગેવાની હેઠળની પ્રી-એમ્પ્ટિવ ઈવેક્યુએશનનો હિસ્સો છે. અહેવાલ મુજબ આફતોએ ૨૦૨૩માં ૨.૬૪ કરોડ વિસ્થાપનને કારણભૂત બનાવ્યું હતું. જે છેલ્લા ૧૦ વર્ષમાં ત્રીજા સૌથી વધુ તીવ્ર છે. IDMCના ડિરેક્ટર એલેક્ઝાન્ડ્રા બિલકે જણાવ્યું હતું કે, કોઈપણ દેશ આપત્તિ વિસ્થાપનથી મુક્ત નથી. તેણીએ કહ્યું, 'પરંતુ આપણે એવા દેશોમાં વિસ્થાપન કેવી રીતે અસર કરે છે તેમાં તફાવત જોઈ શકીએ છીએ કે, જેઓ તેની અસરો માટે તૈયાર અને આયોજન કરે છે અને જેઓ નથી કરતા. જેઓ ડેટા જુએ છે અને નિવારણ, પ્રતિભાવ અને લાંબાગાળાની વિકાસ યોજનાઓ બનાવે છે જે વિસ્થાપનને વધુ સારૂં માને છે.

પૂર અને હીટવેવ્સ જેવી આત્યંતિક હવામાન ઘટનાઓ વધુ વારંવાર બની રહી છે અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગરના સંશોધકો દ્વારા ૨૦૨૨ના અહેવાલ મુજબ, હવામાન પરિવર્તનને કારણે ભવિષ્યમાં ભારતમાં અનેકગણો વધારો થવાનો અંદાજ છે. ગરમીમાં ફસાયેલા ગ્રીનહાઉસ વાયુઓની સાંદ્રતામાં વધારો થવાથી અસ્થિરતા વધી છે. વાતાવરણમાં વાવાઝોડા, વીજળી અને ભારે વરસાદની ઘટનાઓમાં વધારો સંવહન પ્રવૃત્તિ તરફ દોરી જાય છે. હવામાનશાસ્ત્રીઓના મતે ચક્રવાતી વાવાઝોડું ઝડપથી તીવ્ર બની રહ્યું છે અને ગ્લોબલ વોર્મિંગને કારણે લાંબા સમય સુધી તેની તીવ્રતા જાળવી રાખે છે.

### ખાસ સંદેશ સાથે રાતોરાત ટ્રેન દ્વારા કિવ પહોંચ્યા

# અમેરિકી વિદેશપ્રધાનની યુક્રેનની ઓચિંતી મુલાકાત

**રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થતું નથી, બંને દેશ છેલ્લા બે વર્ષથી યુદ્ધની આગમાં સળગી રહ્યા છે**



નવી દિલ્હી, તા.૧૮

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થતું નથી. બંને દેશ છેલ્લા બે વર્ષથી યુદ્ધની આગમાં સળગી રહ્યા છે. આ દરમ્યાન અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન ટ્રેન દ્વારા યુક્રેન પહોંચી ગયા છે. તે પોલેન્ડથી યુક્રેન પહોંચી ગયો છે.રશિયાયુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ એન્ટોનીની કિવની આ ચોથી મુલાકાત છે. પરંતુ આ વખતે તે એક ખાસ સંદેશ લઈને યુક્રેન પહોંચી ગયો છે. તે મંગળવારે રાત્રે કિવના એક સ્થાનિક બારમાં ગિટાર વગાડતો જોવા મળ્યો હતો. યુક્રેન માટે તેમનો સંદેશ હતો કે અમેરિકા અને બાકીનું વિશ્વ માત્ર યુક્રેન માટે જ નહીં પરંતુ 'ફ્રી વર્લ્ડ' માટે મોરચો સંભાળી રહ્યું છે.સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકને કિવમાં સ્થાનિક બારમાં ૧૯.૯૯ બેન્ડ સાથે સ્ટેજ શેર કર્યું. આ દરમ્યાન તેણે નીલ યંગના ગીત 'રોકિંગ ઈન ધ ફ્રી વર્લ્ડ' ઉપર પરફોર્મ કર્યું હતું. 'રોકિંગ ઈન ધ ફ્રી વર્લ્ડ' એ એક રોક રાષ્ટ્રગીત છે, જે ૧૯૮૯માં બર્લિન વોલના પતન પહેલા બહાર પાડવામાં આવ્યું હતું.આ ગીત વગાડતા પહેલા એન્ટોનીએ કહ્યું કે તમારા સૈનિકો, તમારા નાગરિકો મુશ્કેલીમાં છે, ખાસ કરીને ખાર્કિવમાં. પરંતુ તેમને ખબર હોવી જોઈએ, તમારે જાણવું જોઈએ કે અમેરિકા તમારી સાથે છે. આ દુનિયા તમારી સાથે છે અને આ યુદ્ધ માત્ર યુક્રેનની સ્વતંત્રતા માટે નથી પરંતુ મુક્ત વિશ્વ માટે છે.યુએસ સ્ટેટ સેક્રેટરી બ્લિંકન મંગળવારે સવારે ટ્રેન દ્વારા યુક્રેન પહોંચ્યા હતા. ખાર્કિવમાં રશિયાના તાજેતરના હુમલાના થોડા દિવસો બાદ કિવની તેમની મુલાકાત આવી છે.તમને જણાવી દઈએ કે યુક્રેન લાંબા સમયથી આ યુદ્ધમાં બેકફૂટ ઉપર છે. યુક્રેન હથિયારોની અછતનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં રશિયન સેના ધીમે ધીમે આગળ વધી રહી છે.તે જાણીતું છે કે રશિયાએ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ યુક્રેન ઉપર હુમલો કર્યો હતો. જોકે, રશિયા તેને યુદ્ધ નહીં પરંતુ 'સ્પેશિયલ મિલિટરી ઓપરેશન' ગણાવી રહ્યું છે. આ યુદ્ધમાં બંને તરફથી હજારો લોકો માર્યા ગયા છે અને યુક્રેનમાં મોટા પાયે વિસ્થાપન થયું છે.અમેરિકાએ રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનને ૬૦ અબજ ડોલરનું સહાય પેકેજ મંજૂર કર્યું હતું. આમાંથી મોટાભાગની રકમ ક્ષતિગ્રસ્ત હથિયારો અને હવાઈ સંરક્ષણના સમારકામ ઉપર ખર્ચવામાં આવશે.

# કામદારો નોકરીમાં કાયમી તરીકેના લાભો મેળવવા પાત્ર ઠરે છે : હાઈકોર્ટ




અમદાવાદ, તા.૧૮

રાજ્યમાં વન વિભાગમાં રોજમદાર કર્મચારીઓને રાહત આપતા આદેશમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિખિલ કેરિયેલ દ્વારા ઠરાવવામાં આવ્યું હતી કે, જે કર્મચારી રોજમદાર તરીકે એટલે કે દૈનિક વેતન કામદાર તરીકે મૂળ રીતે નિમણૂક પામ્યો હોય પરંતુ તે અમુક ચોક્કસ વર્ષો સુધી નોકરીમાં કાર્યકાળ પૂરો કરે તો તેવા સંજોગોમાં ખાસ કરીને ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ-૨૫ (બી) અનુસંધાનમાં આવા કામદારો નોકરીમાં કાયમી તરીકેના લાભો મેળવવાપાત્ર ઠરે છે. અદાલતે વધુમાં જણાવ્યું હતું કે, ભલે તે ડિપાર્ટમેન્ટમાં દૈનિક વેતન કામદાર તરીકે નિમણૂંક પામ્યો હોય પરંતુ તેને પણ સીધી પસંદગીથી નિમણૂંક પામેલા રેગ્યુલર-કાયમી કર્મચારીઓની જેમ જ ગણવો જોઈએ. આમ હાઈકોર્ટે ખૂબ જ મહત્વનો ચુકાદો જાહેર કર્યો છે. કેસની વિગતો મુજબ રાજયના વન વિભાગ દ્વારા નિમણૂંક કરાયેલા કામદારો દ્વારા સરકારના તા.૧૭-૧૦-૧૯૮૮ના સરકારી ઠરાવમાં દર્શાવેલ લાભોના ઈન્કાર કરવા સહિતના અનેક મુદ્દા બાબતે અરજદારોએ હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી. તેઓએ દલીલો કરી હતી કે અરજદાર દૈનિક વેતન કામદારો તરીકેનો તેમનો કાર્યકાળ લાંબો હોવાછતાં વન વિભાગના સત્તાવાળાઓ દ્વારા તેમને નિર્ધારિત લાભો કે અધિકારો આપવામાં આવ્યા નથી. હાલમાં તેઓ હકદાર છે, તેના કરતાં પણ નોંધપાત્ર રીતે ઓછા દરનું મહેનતાણું અપાઈ રહ્યું છે. પરંતુ વન વિભાગના સત્તાવાળાઓએ તા.૧૭-૧૦-૧૯૮૮, તા.૧૫-૯-૨૦૧૪ અને તા.૬-૪-૨૦૧૬ના સરકારી ઠરાવના લાભોનો અમલ કર્યો નથી. અરજદારો પૈકીના કેટલાકે તો નોકરીના કાર્યકાળમાં સંભવિત રેગ્યુલરાઈઝેશન અને સંબંધિત લાભો માટેની આવશ્યક સેવા અવધિ પૂર્ણ કરી છે, તેમ છતાં તેઓને કાયમી કરાયા નથી કે, મળવાપાત્ર લાભો અપાયા નથી. આ અરજીની સુનાવણી બાદ તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ હાઈકોર્ટે અરજદાર કામદારોને ત્રણ સપ્તાહમાં વ્યકિગત રીતે વન વિભાગના સંબંધિત સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરવાનો નિર્દેશ કર્યો હતો અને અરજદારોની રજૂઆત મળ્યેથી વન વિભાગના સંબંધિત સત્તાવાળાઓને આઠ સપ્તાહમાં કાયદાનુસાર નિર્ણય લેવા હુકમ કર્યો હતો. જો કોઈ કામદારને આનુષંગિક લાભો આપવાનું થતુ હોય તો તે પછીના ચાર સપ્તાહમાં આ લાભો ચૂકવી દેવા પણ હાઈકોર્ટે ઠરાવ્યું હતું. હાઈકોર્ટે દરેક કામદારના કિસ્સામાં વ્યકિતગત વિચારણા હાથ ધરી સુપ્રીમકોર્ટ દ્વારા જારી સંબંધિત નિર્દેશો અને સરકારના સંબંધિત ઠરાવોને ધ્યાનમાં લીધા બાદ કાયદાનુસાર નિર્ણય લેવા પણ સત્તાવાળાઓને સ્પષ્ટ તાકીદ કરી હતી અને કેસનો નિકાલ કર્યો હતો. રાજયના વન વિભાગ દ્વારા નિમણૂંક કરાયેલ ગુજરાત રાજયના રોજમદાર કર્મચારીઓ માટે રાહતકર્તા ચુકાદો આપતાં ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું છે કે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ-૨૫(બી) હેઠળ, દૈનિક વેતન કામદારો(રોજમદાર) કે જેમણે નોકરીમાં ચોક્કસ કાર્યકાળ પૂર્ણ કર્યો હોય તો તેઓ કાયમી થવા માટે હકદાર ઠરે છે. જસ્ટિસ નિખિલ એસ.કેરીયલે સ્પષ્ટ કર્યું હતું કે, જો એકવાર કાયમીપણું મંજૂર કરવામાં આવે તો આ કામદારો પેન્શન અને ઉચ્ચ પગાર ધોરણ જેવા વધારાના લાભો મેળવવા પણ અધિકારી છે. જે લાભો નિયમિત રીતે નિયુકત કામદારો માટે ઉપલબ્ધ હોય છે. ચુકાદામાં વધુમાં જણાવ્યું હતું કે, જે કર્મચારી રોજમદાર તરીકે એટલે કે, દૈનિક વેતન કામદાર તરીકે મૂળ રીતે નિમણૂક પામ્યો હોય પરંતુ તે અમુક ચોક્કસ વર્ષો સુધી નોકરીમાં કાર્યકાળ પૂરો કરે તો તેવા સંજોગોમાં ખાસ કરીને ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ-૨૫ (બી) અનુસંધાનમાં આવા કામદારો નોકરીમાં કાયમી તરીકેના લાભો મેળવવાપાત્ર ઠરે છે. એટલું જ નહી, ભલે તે ડિપાર્ટમેન્ટમાં રોજમદાર(દૈનિક વેતન કામદાર) તરીકે નિમણૂંક પામ્યો હોય પરંતુ તેને પણ સીધી પસંદગીથી નિમણૂંક પામેલા રેગ્યુલર-કાયમી કર્મચારીઓની જેમ જ ગણવો જોઈએ.

# ડિપ્લોમાની ૬૮ હજાર બેઠકો માટે ૧૩ જૂન સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે

અમદાવાદ, તા.૧૮

ધોરણ ૧૦ અને ૧૨નું પરિણામ જાહેર થઈ ગયું છે દર વર્ષ કરતા આ વર્ષે પરિણામ ઉંચુ આવ્યું છે જેની અસર આગામી અભ્યાસ ક્રમોના એડમીશન ઉપર જોવા મળશે ત્યારે ધોરણ ૧૦ બાદ ધોરણ ૧૧ અને ડીપ્લોમામાં આ વર્ષે માટે વિદ્યાર્થીઓનો ઘસારો રહેશે તેવું લાગી રહ્યું છે. કારણ કે આ વર્ષે વધુ પરિણામ આવ્યું છે. જેથી ધોરણ ૧૦ બાદ એન્જિનિયરિંગ લાઈનમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ ડિપ્લોમા એન્જિનિયરિંગમાં પ્રવેશ લઈ શકશે. આ વર્ષે વધુ પરિણામન કારણે ૬૮ હજારમાંથી ૫૮ હજાર બેઠક ભરાવાની શક્યતા છે. ડિપ્લોમા એન્જિનિયરિંગ માટેની એડમિશન કમિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જે માટે વિદ્યાર્થીઓ આગામી ૧૩ જૂન સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. રજિસ્ટ્રેશન માટે એસીપીડીના મેમ્બર સેક્રેટરીના જણાવ્યા અનુસાર ડિપ્લોમા એન્જિનિયરિંગ માટે કુલ ૬૮ હજાર બેઠક ઉપર પ્રવેશ માટે ૧૦૭ જેટલી સેલ્ફ ફાયનાન્સ, ૫ ગ્રાન્ટેડ અને ૩૧ જેટલી સરકારી પોલીટેકનીક એન્જિનિયરિંગ કોલેજો છે. ડિપ્લોમા પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે કેવી રીતે રજીસ્ટ્રેશન કરવું. તેની તમામ વિગતો એડમીશન કમિટી પ્રોફેશનલ કોર્સીસ ACPDCની વેબસાઈટ ઉપર મુકવામાં આવી છે. ડિપ્લોમા પ્રવેશ માટે રજિસ્ટ્રેશનર દરમ્યાન જરૂરી યુ ડાયસ નંબર જે તે વિદ્યાર્થીના સ્કૂલ લીવિંગ સર્ટીફીકેટમાં ૧૮ અંકનો નંબર લખવો જરુરી છે. ધોરણ ૧૦નું પરિણામ આ વખતે ઉંચુ આવ્યું છે. જેના કારણે પ્રવેશ પ્રક્રિયામાં મેરીટ પણ ઉંચુ જશે. જો કે આ વખતે પણ ૭૫ ટકા બેઠકો ભરાય તેવી શક્યતા સેવાઈ રહી છે. ગત વર્ષે ધોરણ ૧૦નું ૬૨ ટકા પરિણામ જાહેર થયું હતું. તેની સામે આ વખતે ૮૨ ટકા પરિણામ જાહેર થયું છે. આ ઉપરાંત પૂરક પરીક્ષા બાદ પણ વિદ્યાર્થીઓ ડિપ્લોમા એન્જિનિયરિંગ તરફ આવતા હોય છે. તેને જોતા આ વખતે ૬૮ હજારમાંથી ૫૮ હજાર બેઠકો ઉપર વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તો બાકીની ૧૦ હજાર બેઠકો ખાલી રહે તેવી શક્યતા છે. ગત વર્ષે ૧૫ હજારથી વધુ બેઠકો ખાલી રહી હતી.

### નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનાઓને લઈ પરિપત્ર થયો જારી

# રાજ્યમાં દીકરીઓ માટેની યોજનાનો અમલ શરૂ , ૧૦ દિવસમાં ડોક્યુમેન્ટ કલેક્ટ કરવાના રહેશે

**સ્કોલરશીપ પોર્ટલ શરૂ થાય તે પહેલા વિધિ કરવી જરૂરી : DBTથી રકમ છાત્રાઓને મળશે**

ગાંધીનગર,તા.૧૮

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્ર માટે બે નવી યોજનાઓ શરૂ કરવાના બજેટમાં જાહેરાત કરાઈ હતી. ખાસ કરીને દીકરીઓ માટેની ૧૬૫૦ કરોડના ખર્ચની આ યોજનાઓમાં પ્રથમ નમો લક્ષ્મી અને બીજી નમો સરસ્વતી છે. આ બંને યોજનાઓ દીકરીઓના શિક્ષણ સાથે સંબંધિત છે અને તેમને તેમના અભ્યાસ માટે આર્થિક સહાય પૂરી પાડવા માટે શરૂ કરવામાં આવી છે. શાળાની વિદ્યાર્થીનીઓને સ્કોલરશીપ મળી રહે તે માટે સરકાર તરફથી સર્ક્યુલર ફરતો કરાયો છે એટલે કે હવે આ યોજનાનો વિધિવત અમલ શરૂ કરાયો છે. નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના શરૂ કરવાને લઈ સર્ક્યુલર જાહેર કરાયો છે. યોજના મુજબ વિદ્યાર્થીનીઓના માતાના એકાઉન્ટમાં સ્કોલરશિપ જમા થશે. જે અંતર્ગત સ્કોલરશીપ પોર્ટલ શરૂ થાય તે પહેલા વિદ્યાર્થીનીઓના જરૂરી પુરાવા કલેક્ટ કરવા સૂચના અપાઈ છે. ૧૦ દિવસની અંદર ડોક્યુમેન્ટ કલેક્ટ કરવા શાળાઓને સૂચના અપાઈ છે. બંને યોજનાઓની જાણ વિદ્યાર્થીનીઓ અને વાલીઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે. યોજના માટેનું પોર્ટલ શરૂ થાય ત્યારેર વિદ્યા સમીક્ષા કેન્દ્રના સીટીએસ ઉપર રજીસ્ટ્રેશન કરવા સૂચના આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓ ધોરણ ૯ થી ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે હેતુથી કન્યાઓ માટે નમો લક્ષ્મી યોજના શરૂ કરવામાં આવી છે. ધોરણ ૯થી ૧૨ નો અભ્યાસ પૂર્ણ કરનારી દરેક કન્યાને નમો લક્ષ્મી યોજના અંતર્ગત રૂા. ૫૦,૦૦૦ની નાણાકીય સહાય ચૂકવવામાં આવશે. આ યોજનાનો લાભ રાજયની સરકારી, અનુદાનિત તેમજ ખાનગી શાળાઓમાં ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતી અંદાજિત ૧૦ લાખ કન્યાઓને આપવામાં આવશે. આ યોજનાથી ધોરણ ૯થી ૧૨ માં કન્યાઓ વધુ સંખ્યામાં પ્રવેશ મેળવશે તેમજ આ ધોરણોમાં કન્યાઓનો ડ્રોપ આઉટ રેટ ઘટશે અને સાથે તેમના શિક્ષણ અને પોષણમાં સહાય મળશે જેનાથી કન્યા સશક્તિકરણ થશે. નમો લક્ષ્મી યોજના માટે ગુજરાત બજેટ ૨૦૨૪-૨૫માં અંદાજિત રૂા.૧૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫થી ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિજ્ઞાન સાધના યોજના શરૂ કરવામાં આવી રહી છે. વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષા ૫૦%થી વધુ ગુણ સાથે પાસ કરનાર વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સંલગ્ન શાળાઓ અને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) માન્યતા પ્રાપ્ત રાજયની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહ લેવા ઉપર કુલ રૂા.૨૫,૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ગુજરાત બજેટ ૨૦૨૪-૨૫માં અંદાજિત રૂા.૪૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનાના કારણે દર વર્ષે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા અંદાજે ૧૫ લાખ વિદ્યાર્થીઓને સીધા DBTથી નાણાકીય સહાયનો લાભ મળશે. આ યોજનાના આરંભની સાથે જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ, જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશિપ, જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સ અને રક્ષાશક્તિ સ્કૂલ્સ હેઠળ ૬૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને અંદાજિત રૂા. ૬૧ કરોડના લાભોનું વિતરણ કરવામાં આવશે.

# રાજ્યના ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા ૨૪મી જૂનથી લેવાશે

### શિક્ષણ બોર્ડે પૂરક પરીક્ષાની તારીખ જાહેર કરી, ધો-૧૦ અને ૧૨ના બે લાખ કરતા વધુ વિદ્યાર્થી પૂરક પરીક્ષા માટે લાયક

અમદાવાદ,તા.૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષાની તારીખ જાહેર કરી છે. જે અનુસાર, રાજ્યમાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા ૨૪ જૂનના રોજ લેવામાં આવશે. આ વખતે રાજ્યના ૨ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બન્યા છે. આ ઉપરાંત ધોરણ-૧૨ સાયન્સના પણ કેટલાક પાસ થયેલા વિદ્યાર્થીઓ પરિણામ સુધારવા માટે પુરક પરીક્ષામાં ઉપસ્થિત રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવામાં આવતી ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પુર્ણ થયા બાદ દરવર્ષે જુલાઈ માસમાં પુરક પરીક્ષા લેવામાં આવતી હોય છે. પરંતુ ચાલુ વર્ષે પુરક પરીક્ષામાં ધરખમ ફેરફાર કરાતા પરીક્ષા વહેલી યોજવાનું નક્કી કરાયું છે. ધોરણ-૧૦માં બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓના બદલે હવે ૩ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાશે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓના બદલે ૨ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવાશે. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં અત્યાર સુધી ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવાતી હતી, તેના બદલે આ વખતે ગમે તેટલા વિષયમાં નાપાસ હોય તેમની પુરક પરીક્ષા લેવાશે. ઉપરાંત માર્ચની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ જો પોતાનું પરિણામ સુધારવા માંગતા હોય તો તેઓ પણ પુરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે તેવો પણ નિર્ણય લેવાયો હતો. દરમ્યાન શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ધોરણ૧૨ સામાન્ય પ્રવાહ, ધોરણ૧૨ સાયન્સની પુરક પરીક્ષા ૨૪ જૂનના રોજથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. જોકે, બોર્ડ દ્વારા પરીક્ષા અંગેનો વિગતવાર કાર્યક્રમ હજુ જાહેર કર્યો નથી, પરંતુ આગામી દિવસોમાં બોર્ડ દ્વારા પરીક્ષા અંગેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. આ વખતે રાજયના ૨ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બન્યા છે. જેમાં ધોરણ-૧૦ના૧.૫૬ લાખ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બન્યા છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ વિષયમાં નાપાસ ૨૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક બન્યા છે. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં ગમે તેટલા વિષયમાં નાપાસ વિદ્યાર્થી પુરક પરીક્ષા આપી શકે છે. જેથી સાયન્સમાં કુલ ૧૯ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે લાયક છે.

# ઉનાના હીટ એન્ડ રન કેસમાં આરોપી કાર ચાલકને ઝડપી લેતી પોલીસ

## આઈપીસી સહિત વિવિધ કલમો અંતર્ગત હીટ એન્ડ રનનો ગુન્હો દાખલ કરાયો



ઉના તા. ૧૮

ઊના શહેરમાં શિવજી પાર્ક સામે આવેલ પુષ્પ હરિ કોમ્પ્લેક્સમાં આવેલ નાઘેર પાઉભાજીની બંધ દુકાન મા અમદાવાદથી દીવ જતા સ્કોરપિયો કાર ચાલકે અકસ્માત કરી ઊનાના વૃધ્ધ દિનેશભાઈ બાલુભાઈ ગાંધીનું મૃત્યુ નીપજાવ્યું હતું અને આ અંગે ઊના પોલીસ સ્ટેશનમાં કાર ચાલક યતીનભાઈ લીલાધરભાઈ સિંગલ રે. અમદાવાદની સામે ફરિયાદ નોધાવતા પોલીસે આઈ.પી.સી. કલમ ૩૦૪, ૨૭૯, ૩૩૭, ૩૩૮, એમ.વી. એકટ ૧૭૪, ૧૮૪, ૧૩૪, મુજબ ગુનો દાખલ કર્યો હતો અને અમદાવાદમાં તથ્યની સામે જે સાઅપરાધ મનુષ્ય વધની પણ કલમ લગાડી ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણાના માર્ગદર્શન હેઠળ સિટી.પી.એસ. આઈ. આર. એચ. સુવા અને સ્ટાફે ગણતરીના કલાકો માં સ્કોરપીયો કાર ચાલક યતીનભાઈ લીલાધરભાઈ સિંગલને પકડી લીધો હતો. આ કાર ચાલક અમદાવાદમાં ઓલા ઉબેર કેબનો ડ્રાઈવર છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે કાર એ જયારે અકસ્માત કર્યો હતો ત્યારે કારની સ્પીડ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની હતી. કારની એરબેગ પણ ખુલી ગઈ હતી. આ કારમાં મુસાફરી કરી રહેલા મુસાફરોને વધુ સારવાર માટે બહારગામ રિફર કરેલ છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના માછીમારોને ક્રિક એરીયામાં અવર જવર ઉપર પ્રતિબંધ

## તા.૧ જૂનથી તા. ૩૧ જુલાઈ સુધી દરીયાકાંઠે અવર જવર ઉપર મનાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૮

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા બંદરોએથી માછીમારી માટે માછીમારો સમુદ્રમાં જાય છે, સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ કે હવામાન અંગેની અન્ય આગાહીઓ સબંધે સમુદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોચાડવી શક્ય હોતી નથી તેમજ જુન માસથી દરીયો તોફાની થઇ જાય છે. માછીમારોને સામાન્ય રીતે જૂન માસથી સમુદ્રમાં માછીમારી માટે જવું વિશેષ જોખમકારક છે. મત્સ્યોદ્યોગ ખાતું તથા પોર્ટ ઓફીસર દ્વારા આવા માછીમારોને આવી સીઝનમાં સમુદ્રમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી નથી, તેમ



છતાં, અનધિકૃત રીતે કોઈ માછીમાર માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનનાં કારણે સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં સમુદ્રમાં ચાલ્યા ગયેલા માછીમારોના જીવનું જોખમ ઉભું થાય તેવી સંભાવના રહેતી હોય તેથી આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ એક જાહેરનામું બહાર પાડ્યું છે. જે અંતર્ગત જિલ્લાના આ તમામ વિસ્તારના દરિયાકાંઠેથી કે ક્રિક એરીયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યક્તિઓએ તા. ૧ જૂન થી તા. ૩૧ જુલાઈના સમય દરમ્યાન માછીમારી માટે કે અન્ય કોઈ હેતુસર સમુદ્રમાં કે ક્રિક એરિયામાં નહી જવા અને કોઈપણ બોટની અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ લગાવ્યો છે. આ જાહેરનામું પોર્ટ ઉપર આવતા વ્યાપારીક જહાજોને લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળો, ગુજરાત મેરીટાઈમ બોર્ડની બોટ, અજાડ ટાપુ તથા ઓખાથી બેટ-દ્વારકા વચ્ચે અવર-જવર માટે સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલી પેસેન્જર બોટ, નોન મોટરાઈઝ્ડ ક્રાફ્ટ (લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી) તથા પગડીયા માછીમારોને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સજાને પાત્ર થશે.

# વેરાવળમાં અકસ્માત કે અન્ય કોઈ રીતે હાથ ગુમાવનાર ૧૫ લોકોને નિ:શુલ્ક પ્રોસ્થેટિક હેન્ડ લગાવી આપવમાં આવ્યા

## આદિત્ય બિરલા હોસ્પિટલ ખાતે રોટરી ક્લબ અને ઈનરવ્હીલ ક્લબના સયુંકત ઉપક્રમે આયોજન કરાયેલ







(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૮

વેરાવળમાં ઈનરવ્હીલ કલબ, રોટરી કલબ અને આદિત્ય બિરલા હોસ્પિટલના સહયોગથી દિવ્યાંગ લોકોને નિ:શુલ્ક કૃત્રિમ હાથ લગાવી આપવા માટે કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં ૧૫ જેટલા લાભાર્થીઓને કૃત્રિમ હાથ લગાવી આપવામાં આવ્યા હતા. જેથી તેઓને પોતાના રોજિંદા જીવનમાં આંશિક રાહત મળશે.

વેરાવળમાં ઈનરવ્હીલ કલબ, રોટરી કલબ અને આદિત્ય બિરલા હોસ્પિટલના સહયોગથી આદિત્ય બિરલા હોસ્પિટલના કમ્પાઉન્ડમાં દિવ્યાંગ લોકોને નિ:શુલ્ક કૃત્રિમ હાથ લગાવી આપવા માટેનો કેમ્પ યોજાયો હતો. જે લોકોએ અકસ્માતે કે અન્ય રીતે પોતાનો હાથ ગુમાવ્યો હોય તેમને માટે પ્રોસ્થેટિક હેન્ડ લગાવી આપવામાં આવ્યા હતા.આ સેવાનો લાભ લેવા માટે લગભગ ૬૦ જેટલા લોકોએ પોતાનું નામ નોંધાવ્યું હતું જેમાંથી આજરોજ ૧૫ જેટલા લાભાર્થીઓને હાથ ફીટ કરી આપવામાં આવ્યા હતા. આ તકે આયોજકોએ જણાવ્યું હતું કે આ કૃત્રિમ હાથની મદદથી માત્ર દર્દી જ નહિ પરંતુ તેના પરિવારજનોને પણ ફાયદો થશે કારણ કે જે લોકોને હાથ ન હોઈ તેમની કાળજી લેવા માટે તેમના પરિવારજનો પણ તેમનું ધ્યાન રાખતા હોય છે જેથી આ હાથ લાગવાથી તેઓ મોટા ભાગના કામ હાથે કરી લેશે જેને લીધે તેમના પરિવારજનોની પણ ચિંતા ઓછી થશે. આ ઉમદા કાર્યમાં રોટરી કલબ ઓફ અમદાવાદ નોર્થના દેવીદાસભાઈનું માર્ગદર્શન અને સહકાર મળેલ હતો. જ્યારે ટેકનિકલ પર્સન તરીકે અમદાવાદથી જગન્નાથ ભાઈની ટીમ જોડાઈ હતી. આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે બિરલા હોસ્પીટલના ડો.રાજુભાઈ ક્રિષ્નાણી, હિતેશભાઈ ચુડાસમા, જીતેન્દ્રભાઈ ભાનુશાળી, ઈનરવ્હીલ કલબના પ્રમુખ વીણાબેન મારૂ, જયશ્રીબેન, પારૂલબેન, ગીતાબેન વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ તકે રોટરી ક્લબ વેરાવળના પ્રમુખ દીપકભાઈ વઢવાણા સહિતના જોડાયા હતા.

# સોમનાથની રક્ષામાં પ્રાણોની આહુતિ આપનાર વીર હમીરજી ગોહિલની વીરગતિ તિથિ ઉપર વિશેષ પૂજન

## સોમનાથ ટ્રસ્ટ તેમજ વંશજો અને ક્ષત્રિય સમાજ દ્વારા વીર હમીરજી ગોહિલને અર્ચન કરી ધ્વજા પૂજા કરાઇ





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૮

પ્રથમ જયોતિર્લિંગ સોમનાથ મંદિર ઉપર જયારે વિધર્મી આક્રાંતાઓ દ્વારા આક્રમણ કરવામાં આવ્યું ત્યારે સોમનાથથી દુર લાઠી રજવાડાના સૌથી નાના રાજકુમાર હમીરજી ગોહિલ પોતાના સાથીઓ સાથે હજારોના સૈન્યનો સામનો કરવા માર્ગમાં મળેલ વીર વેગડાજી ભીલ સાથે મળી પોતાના પ્રાણની ચિંતા કર્યા વગર સોમનાથની રક્ષા કાજે પહોંચ્યા હતા. પોતાના જીવની આહુતિ આપીને પણ સોમનાથ મહાદેવની રક્ષા કરવાનો તેમનો અડગ નિશ્ચય તેમની વીરતા અને શિવભક્તિનું સાક્ષાત પ્રમાણ હતું. સોમનાથની રક્ષામાં હમીરજીએ વૈશાખ સુદ નવમીની તિથિ પર વીરગતિ પ્રાપ્ત કરી હતી. ત્યારે સોમનાથ ટ્રસ્ટ તરફથી જીએમ વિજયસિંહ ચાવડા દ્વારા સોમનાથની રક્ષા કાજે પ્રાણોની આહુતિ આપનાર વીર હમીરજી ગોહિલના વંશજો અને ક્ષત્રિય સમાજ સાથે વીર હમીરજી ગોહિલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરાઇ હતી. મંદિર પરિસરમાં સ્થિત હમીરજી ગોહિલની દેરીમાં એમને સ્નાન કરાવી પૂજા સામગ્રી અને વસ્ત્ર અર્પણ કરી, નૂતન ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતું.

# ઉનામાં લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે વિવિધ રોગોનો નિદાન કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૮

ઊના શહેરમાં વેરાવળ રોડ ઉપર આવેલ લોહાણા વિદ્યાર્થી ભવનમાં સવારે ૯થી બપોરના ૧.૦૦ વાગ્યા સુધી ઊનાની સદ્‌વિચાર ટ્રસ્ટ અને ઠાકરશી ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલના સયુંકત ઉપક્રમે અક્ષર નિવાસી ચીમનભાઈ ગભરૂભાઈ ગાંધીની સ્મૃતિમાં સુરેશભાઈ ચીમનભાઈ ગાંધી પરિવારના સહયોગથી વિનામૂલ્યે મગજના જ્ઞાનતંતુ તથા વિવિધ રોગોનું નિદાન અને સારવાર અમદાવાદની પ્રખ્યાત હોસ્પિટલના ન્યુરો ફિઝિશિયન અને ન્યૂરો સર્જન ડોકટર કુશલ શાહની ટીમ દ્વારા નિદાન કરી સારવાર કરી વિનામૂલ્યે દવાઓ આપશે તેમજ ડો.નિલેશ પટેલ અને તેમની ટીમ ફાટેલ હોઠ અને ફાટેલા તાળવા, જડબા જન્મજાત ખોડ ખાપણના દર્દીઓનું નિદાન અને મફત ઓપરેશન કરવા લઈ જવાશે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને રાહત ભાવે દવાઓ આપવામાં આવશે. આ નિદાન કેમ્પનો વધુમાં વધુ લોકાને લાભ લેવા એક યાદીમાં અનુરોધ કરાયેલ છે.

# નિવૃત કર્મચારીઓએ ઈજાફા બાબતે યુનિયનની ઓફીસે ફોર્મ ભરવાના રહેશે

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ જીલ્લા વિવિધ નિવૃત કર્મચારી મંડળના પ્રમુખ મનુભાઈ ધાધલ તથા વિઠલદાસ કાપડની એક યાદી જણાવે છે કે, ગુજરાત સ્ટેટ પેન્શન ફેડરેશન દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલ સ્પે.સીવીલ એપ્લીકેશન અનુસંધાને તા.૩૦ જુનના નિવૃત કર્મચારીને મળવાપાત્ર ઈજાફા બાબત જે કોઈ કર્મચારીએ કોર્ટમાં જવાનું બાકી રહી ગયેલ હોય તો તેને દિવસ ૮માં યુનિયનની ઓફીસ ચંદન ટાઈલ્સ કમ્પાઉન્ઢ ગિરનાર દરવાજા પાસે ધારાગઢ રોડ જૂનાગઢ ખાતે આવી ફોર્મ ભરી જવા પ્રમુખની એક યાદીમાં જણાવેલ છે.

### એર ઈન્ડિયાની ફ્લાઈટ રનવે પર ટગ ટ્રેક્ટર સાથે અથડાઈ

# પુણે એરપોર્ટના રનવે પર દિલ્હી જતી ફ્લાઈટને અકસ્માત નડ્યો

## એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ૧૮૦ મુસાફરો સવાર હતા એરક્રાફટને નુકસાન પરંતુ કોઈ મુસાફરને ઈજા નહીં

પુણે, તા.૧૮

૧૮૦ મુસાફરો સાથે દિલ્હી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ ૧૬ મેના રોજ પુણે એરપોર્ટના રનવે પર ટગ ટ્રેકટર સાથે અથડાઈ હોવાની માહિતી મળી છે. અથડામણને કારણે વિમાનને નુકસાન થયું હોવા છતાં મુસાફરોને કોઈ ઈજા થઈ ન હતી. "લગભગ ૧૮૦ મુસાફરોને લઈ જતા વિમાનને તેના નાક અને લેન્ડિંગ ગિયરની નજીકના ટાયરને નુકસાન થયું હતું.

અથડામણ છતાં, બોર્ડ પરના તમામ મુસાફરો અને ક્રૂ સલામત હોવાનું અહેવાલ છે, ''એરપોર્ટ અધિકારીએ જણાવ્યું હતું. દુર્ઘટના બાદ મુસાફરોને વિમાનમાંથી નીચે ઉતારી દેવાયા હતા. મુસાફરો એરપોર્ટ પર અટવાયેલા હોવાથી તેમની માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ) એ અથડામણનું કારણ નક્કી કરવા માટે તપાસ શરૂ કરી છે, પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે ટગ ટ્રક, જે જમીન પર એરક્રાફટને દાવપેચ કરવા માટે વપરાય છે, ટેક્સી પ્રક્રિયા દરમિયાન પ્લેન સાથે અથડાઈ હતી. એરપોર્ટની કામગીરી નોંધપાત્ર વિક્ષેપ વિના ચાલુ રહી, જોકે અસરગ્રસ્ત એરક્રાફટને ટૂંકા ગાળા માટે વિગતવાર નિરીક્ષણ અને સમારકામ માટે સેવામાંથી દૂર કરવામાં આવ્યું હતું અને હવે તે કામગીરી માટે તૈયાર છે.

એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે એરલાઈને સંપૂર્ણ રિફંડ અને કોમ્પ્લીમેન્ટરી રીશેડ્યુલિંગની વ્યવસ્થા કરી છે. "અમારા એક એરક્રાફટ સાથે સંબંધિત એક ઘટના બની હતી, જે પુણેથી દિલ્હીનું સંચાલન કરવાનું હતું, તેના પુશબેક સમયે. એરક્રાફટને તપાસ માટે પાછળ રાખવામાં આવ્યું હતું, બધા મુસાફરોને સલામત રીતે ઉતારવામાં આવ્યા હતા, અને ફ્લાઈટ રદ કરવામાં આવી હતી.

મુસાફરોને આખરે તેમના સંપૂર્ણ ભાડા પરત કરવામાં આવ્યા અને સ્તુત્ય પુનઃનિર્ધારણની ઓફર કરવામાં આવી. જેઓ આગળના આંતરરાષ્ટ્રીય જોડાણો ધરાવતા હતા તેઓને અન્ય કેરિયર્સ દ્વારા દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. આ ઘટનાની તપાસ પહેલાથી જ શરૂ કરવામાં આવી છે, ''એરલાઈને જણાવ્યું હતું.

### સરકારે એક્ટીવ નકલી એજન્ટો અંગે ચેતવણી આપી

# કંબોડિયા અને લાઓસની મુસાફરી કરતા ભારતીયો માટે એડવાઈઝરી જાહેર

## લાઓસ અને કંબોડિયામાં એજન્ટો આકર્ષક નોકરી આપવાના નામે વ્યક્તિઓ સાથે છેતરપિંડી કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૧૮

ભારત સરકારના વિદેશ મંત્રાલયે કંબોડિયા અને લાઓસની મુસાફરી કરતા ભારતીયો માટે એડવાઈઝરી જાહેર કરી છે. કેન્દ્ર સરકારે શુક્રવારે એકવાર ફરી પોતાના નાગરિકોને લાઓસ અને કંબોડિયા સહિત દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં સ્કેમર્સ તરફથી નોકરી આપવામાં થઈ રહેલી છેતરપિંડીને ધ્યાનમાં રાખીને ચેતવણી આપી હતી. નોમ પેન્હ અને લાઓસમાં ભારતીય દૂતાવાસ તરફથી જાહેર કરાયેલી એડવાઈઝરીમાં સરકારે ક્ષેત્રમાં એક્ટીવ નકલી એજન્ટો અંગે ચેતવણી આપી છે. આ એજન્ટો આકર્ષક નોકરી આપવાના નામે વ્યક્તિઓ સાથે છેતરપિંડી કરી રહ્યા છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે તમામ ભારતીય નાગરિકો કે જેઓ કંબોડિયા અને દક્ષિણપૂર્વ એશિયાઈ પ્રદેશમાં નોકરી માટે જઈ રહ્યા છે, તેઓને સલાહ આપવામાં આવે છે કે આ પ્રદેશમાં ઘણા નકલી એજન્ટો કાર્યરત છે, જેઓ ભારતમાં એજન્ટો સાથે મળીને લોકોને કૌભાંડ આચરનારી કંપનીઓમાં સામેલ કરવાની લાલચ આપી રહ્યા છે જે ખાસ કરીને સાયબર ગુનાઓમાં સામેલ છે.

તાજેતરની એડવાઈઝરીમાં, સરકાર ખાસ કરીને કંબોડિયામાં શંકાસ્પદ નોકરીની ઓફર સામે ચેતવણી આપે છે, જ્યાં કૌભાંડી કંપનીઓ, ઘણીવાર સાયબર ગુનાઓમાં સામેલ હોય છે, અસંદિગ્ધ પીડિતોનું શોષણ કરે છે. એવા કિસ્સાઓ સામે આવ્યા છે કે જેમાં ભારતીયોને કથિત રીતે લાઓસમાં, ખાસ કરીને ગોલ્ડન ટ્રાયેન્ગલ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં નોકરીની ઓફરોથી લલચાવવામાં આવે છે. નવી એડવાઈઝરીમાં સરકારે ખાસ કરીને કંબોડિયામાં સંદિગ્ધ નોકરીની ઓફર સામે ચેતવણી આપી હતી. અહી છેતરપિંડી આચનારી કંપનીઓ સાયબર ગુનાઓમાં સામેલ હોય છે. આ કંપનીઓ પીડિતોનું શોષણ કરે છે. એવી અનેક ઘટનાઓ સામે આવી છે જેમાં ભારતીયોને કથિત રીતે લાઓમાં ગોલ્ડન ટ્રાયંગલ વિશેષ આર્થિક ક્ષેત્રમાં નોકરીની લાલચ આપવામાં આવે છે. ડિજિટલ સેલ્સ એન્ડ માર્કેટિંગ એક્ઝિક્યુટિવ્સ અને કસ્ટમર સપોર્ટ સર્વિસ જેવા પદો માટે આ નકલી ઓફર સારા પગાર, રહેવાની સગવડ અને વિઝા સુવિધા સહિતની આકર્ષક સુવિધાઓ સાથે આપવામાં આવે છે. જો કે, લોકો પાછળથી અહી શારીરિક અને માનસિક ત્રાસનો સામનો કરે છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે જે કોઈ પણ વ્યક્તિ કંબોડિયામાં નોકરી કરે છે તેઓ ફક્ત ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા માન્ય એજન્ટો મારફતે કરવું જોઈએ. નોકરી ઈચ્છતા લોકો cons . phnompenh @ mea. gov. in અને yisa. phnompenh @ mea.gov.in ઈમેઈલ આઈડીના માધ્યમથી ભારતીય દૂતાવાસનો સંપર્ક કરી શકે છે.

# જૂનાગઢના દુર્વેશનગરના રહેવાસીઓ માથે સંભવિત જળ હોનારતનો ભય

## મનપા તંત્રને અનેકવાર રજુઆત કરવા છતાં કાળવાના વોકળાની સફાઈ ન થતા ગત વર્ષ જેવી ફરીવાર જો હોનારત થશે તો સંબંધિત તમામ સામે કાનુની રાહે કાર્યવાહી કરવાની ચિમકી





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરમાં આવેલા દુર્વેશનગરના રહેવાસીઓમાં હાલ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. કારણ કે, ચોમાસું તદન નજીક આવી રહ્યું છે અને તેની સામે મનપા તંત્ર દ્વારા દુર્વેશનનગર નજીક આવેલા વોકળાની સફાઈ કરવામાં આવી નથી, વોંકળો ઉંડો ઉતારવામાં આવ્યો નથી અને છેલ્લા એક વર્ષથી રજુઆતો કરવા છતાં આ રજુઆતોને ઘોળીને પી જનાર મનપા તંત્રના પેટનું પાણી હલતું નથી તેવા સંજોગોમાં ગત વર્ષે સર્જાયેલી જળહોનારત જેવી ઘટના ફરીવાર ન સર્જાઈ તેવો ભય લોકોમાં જોવા મળે છે દરમ્યાન ગઈકાલે આ વિસ્તારના મહિલાઓ દ્વારા કમિશ્નર તેમજ મેયરને રજુઆત કરી તાત્કાલીક અસરથી કાળવાના વોકળાની સફાઈ કરવાની માંગણી કરી છે. એટલું જ નહી જો ગત વર્ષ જેવી જળ હોનારતની ઘટના બનશે તો તેના માટે જવાબદાર ગણી અને કોર્ટનો આશરો લેવામાં આવશે તેવી ચિમકી પણ આપી છે. જૂનાગઢમાં ગત ચોમાસા દરમ્યાન અતિભારે વરસાદમાં જળ હોનારતમાં કાળવાના કાંઠે વસેલું દુર્વેશનગર આખું ડુબી ગયેલ અને રહેણાંક મકાનોમાં પાણી ફરી વળ્યા હતા. ત્યારે હાલ ચોમાસું માથે છે અને અહી પ્રિ-મોન્સુન કામગીરીના નામે મીંડું હોય જેથી તેમના વિસ્તારમાંથી પસાર થતા વોંકળાની સફાઈ કરવાની માંગ સાથે મહિલાઓએ મનપા કચેરીમાં રજુઆત કરી હતી. દુર્વેશનગરના રહેવાસીઓને કહેવું છે કે, ગત વર્ષે તા.૨૯-૬ અને તા.૨૨-૭ના રોજ બે વખત જૂનાગઢમાં પુરની સ્થિતિ સર્જાઈ હતી. જે સ્થિતિ થવાનું કારણ મહાપાલિકાના અધિકારીઓની અણઆવડતના લીધે થયેલ હતું. તે જળ હોનારત કુદરતી નહી પરંતુ કુત્રિમ આફત હતી. જેથી હવે માથે ચોમાસું છે અને આ વર્ષે પણ ભારે વરસાદ વરસે તો તેમના વિસ્તારમાં ફરીથી હોનારત થવાની દહેશત છે જેથી લોકોના જીવ અધ્ધર છે. એક વર્ષ થયું છતાં હજુ દુર્વેશનગર વિસ્તારમાં કોઈ ઠોસ કામગીરી કરવામાં આવી રહી નથી. આ વિસ્તારમાંથી પસાર થતો કાળવાનાં વોંકળામાં ગંદા પાણી ભરાયેલા છે. જેના પરિણામે તેમના તળમાં બોરમાં ગંદા પાણી ઘુસી ગયા છે. વોંકળાની સફાઈના અભાવે અને ગત વર્ષની હોનારતથી હાલ દુર્વેશનગરમાં નીચેના માળે રહેતા ભાડુઆતો પણ મકાન ખાલી કરી જતા રહ્યા છે. જયારે માલીકો મકાન ખાલી કરીને જાય તો કયાં જાય જેથી તેમના વિસ્તારમાં તાત્કાલીક વોંકળાની સફાઈ થાય અને વોંકળા ઉંડા ઉતારવામાં આવે એવી માંગ સાથે મહાપાલિકા કચેરીમાં કમિશ્નર અને મેયરનો રજુઆત કરી હતી.

# જૂનાગઢના સાબલપુર જીઆઈડીસી-રમાં આવેલ ક્રિએટીંગ કાસ્ટિંગ લિમિટેડમાં આગ લાગી

## ફાયર વિભાગના સ્ટાફ દ્વારા ૩૦,૦૦૦ લીટર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢના સાબલપુર જીઆઈડીસી-૨ ક્રિએટીંગ કાસ્ટિંગ લિમિટેડમાં ગઈકાલે બપોરે ૧:૩૮ કલાકે આગ લાગી હતી અને જેને લઈને દોડધામ મચી જવા પામી હતી. આ આગ લાગવાની જાણ થતા જ જૂનાગઢ ફાયર વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભારે જહેમત બાદ સાંજે ૫:૫૧ કલાકે આગ ઉપર સંપૂર્ણ કંટ્રોલ મેળવી લીધેલ હતો. આ આગ ક્લાસ એ પ્રકારની ફાયર હતી. આ આગમાં કોઈ જાનહાની થયેલ નથી અને ફાયર શાખાની કુલ ત્રણ ગાડી એટલે કે ૩૦,૦૦૦ લિટરનો પાણીનો ઉપયોગ કરી આગ ઉપર સંપૂર્ણ કાબુ મેળવેલ હતો. પ્રાથમિક દ્રષ્ટિએ આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી પરંતુ ભંગાર, પૂઠા વગેરે પ્રકારનો સામાન બળી ગયેલ છે જે સ્ટોરેજ હતો. હાજર ફાયર વિભાગના સ્ટાફમાં મિતુલભાઈ મહેતા શિફ્ટ ઈન્ચાર્જ, મુળુભાઈ ભારાઈ ડ્રાઈવર, પરસોતમભાઈ ચૌહાણ ડ્રાઈવર તથા નરેશ કાઠી ફાયરમેન, રાહુલ વાસણ ફાયરમેન, રાહુલ રાજ્યગુરૂ ફાયરમેન, યુસુફખાન ફાયરમેન, ધ્રુવ કનાડા ફાયરમેન દ્વારા ખૂબ જ સતત ચાર કલાકથી વધુની મહેનત બાદ આગ ઉપર કંટ્રોલ મેળવી લેવાયેલ હતો. આ સમગ્ર કામગીરી ડિવિઝનલ ફાયર ઓફિસર યકીન શિવાનીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં જવેલર્સ પેઢી સાથે મેનેજરે રૂા. ૯૧ લાખના સોનાની છેતરપીંડી કરી

## ખોટી એન્ટ્રીઓ કરી અને લાખોની ગોલમાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરમાં આવેલી અક્ષર જવેલર્સ નામની પેઢીમાં મેનેજરે રૂા.૯૧ લાખના કાચા સોનાની હેરાફેરી કરી હોવાનો બનાવ બહાર આવતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવમાં સોની વેપારી પેઢીમાં મેનેજર તરીકે છેલ્લા અઢી વર્ષથી નોકરી કરતા કુતિયાણાના શખ્સે ઓનલાઈન સોફટવેરમાં ખોટી એન્ટ્રી કરીને માત્ર ત્રણ મહિનામાં જ ૯૧ લાખના કાચા સોનાની હેરાફેરી કરી હોવાનો કિસ્સો પોલીસ દફતરે નોંધાયો છે.

આ અંગે પોલીસમાંથી થતી પ્રાપ્ત વિગત અનુસાર, જૂનાગઢમાં રાયજીબાગ વિસ્તારમાં રહેતા અને છાયા બજારમાં હેઠાણ ફળીયા વિસ્તારમાં અક્ષર જવેલર્સ નામે પેઢી ધરાવતા સુનિલ ધીરજલાલ રાજપરાની પેઢીમાં ત્રણ ભાઈઓ સંયુકત રીતે સોનાના દાગીનાનો વેપાર કરે છે તેમની પેઢીમાં ૧૧૫ જેટલા કારીગરો કામ કરે છે. તેમની પેઢીમાં છેલ્લા અઢી વર્ષથી મેનેજર તરીકે કામ કરતા કુતિયાણાના મયુર નાનજી વાઘેલા(હાલ રહે.મધુરમ, મંગલધામ-૨) સામે એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, મયુર તેમની પેઢીમાં મેનેજર તરીકે અને એસજી પ્લસ સોફટવેર આપેલ જેમાં સોનાની આપ-લે કરવાનું કામ તેના માટે હતું. તેની નીચે ચાર કારીગરો પણ કામ કરતા હતા તેને માસીક ૧૪ હજાર પગાર આપવામાં આવતો હતો પરંતુ તેણે તા.૧૨ ફેબ્રુઆરી ૨૦૨૪થી ૧૬ મે ૨૦૨૪ સુધીમાં ખોટી એન્ટ્રી કરીને ૧૨૮૨.૦૭ ગ્રામ સોનુ જેની કિંમત રૂા.૯૧ લાખ જેવી થાય છે તે સોનુ સ્ટોકમાં ન મળતા તેણે પેઢી સાથે ૯૧ લાખની વિશ્વાસઘાત, છેતરપિંડી કરી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વંથલીના રવની ડબલ મર્ડરના આરોપીઓ ચાર દિવસના રિમાન્ડ ઉપર : બનાવનું રીકન્સ્ટ્રકશન કરાયું





જૂનાગઢ તા. ૧૮

રવની ડબલ મર્ડર કેસનાં આરોપીઓના કપડા રિકવર કરી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હત્યારાઓ પાસે બનાવનું રિકન્ટ્રકશન કરાવવામાં આવ્યું હતું. વંથલી તાલુકાના રવની ગામનાં રફીક આમદ સાંધ અને તેના પુત્ર જાહિલની હત્યામાં ક્રાઈમ બ્રાન્ચે રહીમ ઉર્ફે ખુરી ઈસાભાઈ સાંધ અને હુસેન અલારખા સાંધને જયપુરમાંથી કાર સાથે તથા જુમા હબીબ સાંધ, પોલાભાઈ યુસુફભાઈ સાંધ, હનીફ ઈસ્માઈલ સાંધને તલીયાધરથી તેમજ અબ્દુલ ઉર્ફે અબલો ઈબ્રાહીમ સાંધ તથા ઈસ્માઈલ ઈબ્રાહીમ સાંધને ઘંટીયા ગામની સીમમાંથી પકડી પાડી ૨૦ મે સુધી ૪ દિવસનાં રિમાન્ડ પર મેળવ્યા છે. દરમ્યાન શુક્રવારે એલસીબી પીઆઈ જે. જે. પટેલે સહિતના સ્ટાફે આરોપીઓ પાસેથી તેમણે બનાવ વખતે પહેરલ કપડા રી-કવર કર્યા હતા અને તમામ આરોપીઓને સ્થળ પર લઈ જઈ બનાવનુ રિ-કન્સ્ટ્રકશન પંચનામુ કરવામાં આવ્યું હતું. જેમાં આરોપીએ શ્ર ગોથા મારતો મારતો ભાગ્યો એટલે હું તેની પાછળ દોડયો' સહિતનું નિવેદન રિકન્ટ્રક્શન વખતે આપ્યું હતું. આ દરમ્યાન આરોપી જુમ્મા હબીબ સાંધે બેવડી હત્યા બાદ પોતાનો મોબાઈલ જે સ્થળે છુપાવેલ હતો તે કાઢી આપતા કબ્જે કરવામાં આવ્યો હતો. ડબલ મર્ડરમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે સહિતના મુદે ઉંડાણપુર્વક તપાસ, પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

# સત્યમ સેવા યુવક મંડળ દ્વારા જૂનાગઢ ટ્રાફિક પોલીસ જવાનોને ડયુટી પોઈન્ટ ઉપર છાશ તથા શરબતનું વિતરણ કરાયું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા કાળજાળ અને બળબળતી ગરમીમાં બપોરના ટ્રાફિક પોલીસ જવાનો જે પોતાની ડ્યુટી ઉપર જૂનાગઢના વિવિધ વિસ્તારો જેવા કે માર્કેટિંગ યાર્ડ, સક્કરબાગ, મજેવડી ગેઈટ, રેલ્વે સ્ટેશન, ઝાંઝરડા ચોકડી, મધુરમ ચોકડી, મોતીબાગ, આઝાદ ચોક, કાળવા ચોક વગેરે રોડ ઉપરના પોઈન્ટ ઉપર પોતાની ડયુટી બજાવે છે. હાલમાં ગરમીનો પારો સખત ઊંચો હોય આવા કપરા સમયમાં પોલીસ જવાનોને થોડી ઠંડક થાય આવા ઉમદા આશયથી સત્યમ સેવા યુવક મંડળના કાને ડીવાયએસપી હિતેશભાઈ ધાંધલીયા તથા પીઆઈ એસ. એન. જાડેજા દ્વારા રજૂઆત કરાતા સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, શાંતાબેન બેસ, મુકેશગીરી એસ. મેઘનાથી, અલ્પેશભાઈ પરમાર, અરવિંદભાઈ મારડિયા, ચંપકભાઈ જેઠવા, રણછોડભાઈ ગોડફાડ, મનોજભાઈ સાવલિયા તથા ટ્રાફિકના જવાનો પણ આ સેવા પ્રવૃત્તિમાં સાથે જોડાઈને પોતાની સેવા આપેલ હતી. જ્યાં સુધી અમોને સુચના આપવામાં આવશે ત્યાં સુધી દરરોજ શરબતનું વિતરણ કરવામાં આવશે.

# લગ્નની લાલચ આપી સગીરા પર દુષ્કર્મ આચરનાર પરિણીત શખ્સની ધરપકડ

## દોલતપરાના ઈસમને પોલીસે ઝડપી લીધો

જૂનાગઢ તા. ૧૮

લગ્નની લાલચ આપી સગીરા પર દોઢ વર્ષ દુષ્કર્મ આચરનાર દોલતપરાના શખ્સને પોલીસે દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી છે. જૂનાગઢનાં દોલતપરાની દાસારામ સોસાયટીમાં રહેતા યજ્ઞેશ શાંતિલાલ ભોગાયતાએ સગીરાને લગ્નની લાલચ આપી પોતાના રહેણાંક મકાનમાં મળવા માટે બોલાવી તા. ૨૨ નવેમ્બર ૨૦૨૨ થી ૧૫ માર્ચ ૨૦૨૪ દરમિયાન સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. સગીરાએ પોતાની ઉંમર પુખ્ત વયની થતા યજ્ઞેશને લગ્ન માટેનું કહેતા તેણે બહાના બતાવી કિશોરીને છેતરી હતી. આખરે ભોગ બનનાર તરૂણીએ ગુરૂવારે ફરિયાદ કરતા એ ડિવિઝન પોલીસે યજ્ઞેશ ભોગાયતા સામે કલમ ૩૭૬ (૨) (એન), ૩૦૭૬ (૨) (જે), ૩૨૩, પોકસો એક્ટની કલમ ૫ (જે)(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી. પીઆઈ વી. જે. સાવજે ત્વરિત તપાસ હાથ ધરી આરોપીને શુક્રવારે દબોચી લઈ તેનું મેડિકલ સહિતની કાર્યવાહી કરી હતી. પોલીસ પૂછપરછમાં દુષ્કર્મ આચરનાર યજ્ઞેશ ભોગાયતા પરિણીત હોવાનું અને સંતાનનો પિતા હોવાનું ખૂલ્યું હતું.

# જૂનાગઢમાં કારમાં દારૂ ભરીને જતા ૨ શખ્સની ધરપકડ

જૂનાગઢ તા. ૧૮

કારમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરી પોલીસે જૂનાગઢનાં ૨ શખ્સને ઝડપી લઈ ૮૨૫ લીટર દારૂ, કાર સહિત ૧.૭૨ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

જીજે-૧૫-એડી-૫૮૫૯ નંબરની કાર દેશી દારૂના બાચકા લઈને શહેરમાં મજેવડી દરવાજા થઈ ખામધ્રોળ રોડ ઉપરથી ધોરાજી તરફ જાય છે એવી બાતમી મળતા બી ડિવિઝન પોલીસે વોચ ગોઠવીને ખામધ્રોળ રોડ ખાતે આ કારને રોકી તલાશી લેતા કારની પાછળની સીટ પરથી અને ડેકીમાંથી ૧૬,૫૦૦નો ૮૨૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે કારની સાથે કામદાર સોસાયટીમાં રહેતા યશપાલ ઉર્ફે બાપુ હસમુખભાઈ મકવાણા અને પંચેશ્વર વિસ્તારના ગોવિંદ બાવનભાઈ મોરીની ધરપકડ કરી દારૂ, કાર ૨ મોબાઈલ મળી કુલ રૂપિયા ૧,૭૨,૫૦૦નો મુદ્દામાલ કબજે લઈ આગળની કાર્યવાહી

# જૂનાગઢમાં વાઘેશ્વરીધામ ખાતે શ્રી વૈષ્ણોદેવી મંદિર, રાધાકૃષ્ણ મંદિર અને ૩૩ રૂમના અતિથી ગૃહનું આવતીકાલે ભૂમિપૂજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે આવેલા શ્રી વાઘેશ્વરીધામ ખાતે શ્રી વૈષ્ણોવદેવી મંદિર, શ્રી રાધાકૃષ્ણ મંદિર અને ૩૩ રૂમના અતિથી ગૃહનું ભૂમિપૂજન આવતીકાલે કરવામાં આવશે. ૯ બાલીકાના હસ્તે તેમજ સંતો-મહંતો અને શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં આવતીકાલ તા.૧૯-૫-૨૦૨૪ના રવિવારના રોજ ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાશે. આમંત્રીત મહેમાનો અને ભાવિકોને ઉપસ્થિત રહેવા શ્રી વાઘેશ્વરી માતાજી મંદિર ટ્રસ્ટ જૂનાગઢ ટ્રસ્ટી મંડળ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

